ચર્ચા થયે
બહાલ રાખ્યો
સમાવેલ
૯


# ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

બહુમાળી મકાન,સેકટર–૧૧,પ્રથમમાળ,ગાંધીનગર,૩૮૨૦૧૧
ફોન નંબર–૦૭૯ ૨૩૨ ૨૦૪૪૦,ફેકસ નંબર–૦૭૯ ૨૩૨ ૨૧૪૧૯
ઈમેલઃ–gmc8gandhinagar@gmail.com


ક્રમાકઃગા.મ.ન.પા./મકમ/ફન–૧૪૮/ ૯૨૦ /૨૦૨૧, તારીખ ૧૩/૧/૨૦૨૧

પ્રતિ,
મ્યુનિસિપલ સેક્રેટરીશ્રી,
ગાંધીનગર મહાનગરપાલિકા.

વિષયઃ– ભરતી નિયમોમાં શૈક્ષણિક લાયકાતમાં સુધારો કરવા બાબત.

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, ગાંધીનગર મહાનગરપાલિકા કચેરીના ભરતી નિયમોને સામાન્યસભાના ઠરાવ ક્રમાંકઃ૮૧, તા.૧૩–૧૦–૨૦૨૦થી મંજૂરી આપવામાં આવેલ છે. મોટા ભાગના ભરતી નિયમોમાં શૈક્ષણિક લાયકાતમાં ફકત " Degree " શબ્દનો ઉલ્લેખ છે જેથી તમામ ભરતી નિયમોની શૈક્ષણિક લાયકાતમાં અર્થઘટનમાં કોઈ વિસંગતતા ઉભી ના થાય તે માટે " Degree " શબ્દની જગ્યાએ " Bachelor Degree Or equivalent " કરવા તેમજ ટેકનીકલ પોસ્ટના ભરતી નિયમોમાં શૈક્ષણિક લાયકાતમાં " Bachelor of Engineering " ઉલ્લેખ છે. કેટલીક રાષ્ટ્રિય સંસ્થાનો જેવી કે IIT, IIIT, NITતથા Deemed સંસ્થાન " Bachelor of Technology " (B.Tech ) ની ડીગ્રી આપે છે. તે બાબત ધ્યાને લઈ કોઈ પણ ઉમેદવારને અન્યાય ન થાય તે માટે " Bachelor of Engineering"ની જગ્યાએ " Bachelor Degree in Engineering /Technology ( B.E./B.Tech ) Or equivalent "ની ડીગ્રી રાખવા સ્થાયી સમિતી મારફતે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ હુકમ કરવામાં આવેલ છે (નકલ સામેલ છે. ) જેને બહાલી આપવા પ્રસ્તુત કામ સ્થાયી સમિતી મારફતે સામાન્ય સભાની મંજૂરી અર્થે રજુ કરશો.

ડૉ.રતનકંવર એચ ગઢવીચારણ(IAS)
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા.

નકલ સવિનય રવાના :–
માન. મેયરશ્રી,
ગાંધીનગર મહાનગરપાલિકા.

## ગાંધીનગર મહાનગરપાલિકા

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની મીટીંગ તા.૦૧/૦૨/૨૦૨૧ ના રોજ ૧૨:૦૦ કલાકે શ્રી દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપણા હેઠળ મળી તેના ઠરાવની નકલ

| વિષય | દરખાસ્ત તથા સુધારો | | મત આપવામાં આવ્યો તે | | ઠરાવ | | તે જ વિષય ઉપર થયેલા ઠરાવના અંક તથા તારીખ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | નામ<br>૧. દરખાસ્ત કરનારનું<br>૨. અનુમોદન આપનાર | દરખાસ્ત કે સુધારો આવ્યો તે | તરફેણમાં | વિરૂધ્ધમાં | અનુક્રમ અંક તથા તારીખ | મતલબ | છેવટનો પાછલો ઠરાવ | આગળનો હવે પછી ઠરાવ થાય તે |
| **વિષય નંબર–૧૧**<br>ભરતી નિયમોમાં શૈક્ષણિક લાયકાતમાં સુધારો કરવા અંગે "Degree" શબ્દને બદલે "Bachelor Degree or equivalent" તેમજ ટેકનિકલ પોસ્ટના ભરતી નિયમોમાં શૈક્ષણિક લાયકાતમાં "Bachelor of engineering" ને બદલે "Bachelor degree in engineering/Technology (B.E./B.Tech) or equivalent"ની ડિગ્રી રાખવા અંગે સ્થાયી સમિતિ મારફતે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ હુકમ કરેલ હોવાની હકીકત જોવાઈ તેને બહાલી આપવા અંગે કમિશનરશ્રી તરફથી આવેલ ભલામણને જોવાઇ તેને મંજુરી આપવા બાબત. | (૧) શ્રી નિતિનભાઇ પટેલ.<br>(૨) શ્રી મનુભાઇ પટેલ.<br>(૩) શ્રી કાર્તિક પટેલ.<br>(૪) શ્રી નરેશકુમાર પરમાર<br>(૫) શ્રીમતી પ્રવિણાબેન દરજી.<br>(૬) શ્રીમતી પાર્વતીબેન પરમાર<br>(૭) શ્રીમતી નીલાબેન શુકલ<br>(૮) શ્રીમતી હર્ષાબા ધાધલ.<br>(૯) શ્રીમતી બરખાબેન જહા.<br>(૧૦) શ્રીમતી પ્રિતીબેન દવે. | ભરતી નિયમોમાં શૈક્ષણિક લાયકાતમાં સુધારો કરવા અંગે "Degree" શબ્દને બદલે "Bachelor Degree or equivalent" તેમજ ટેકનિકલ પોસ્ટના ભરતી નિયમોમાં શૈક્ષણિક લાયકાતમાં "Bachelor of engineering" ને બદલે "Bachelor degree in engineering/Technology (B.E./B.Tech) or equivalent"ની ડિગ્રી રાખવા અંગે કમિશનરશ્રીએ વહીવટી હુકમ કરેલ છે તેને સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ બહાલી આપવામાં આવે છે.<br>પ્રસ્તુત કામ સામાન્ય સભા તરફ સાદર કરવામાં આવે છે. | ૧૧ | - | ૬૮૨<br>૦૧/૦૨/૨૦૨૧ | સ.મતે મંજુર | | |

ખરી નકલ

T.S.Trivedi

ઈ.ચા.મ્યુનિસિપલ સેક્રેટરી

ગાંધીનગર મહાનગરપાલિકા

# ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

બહુમાળી ભવન,પ્રથમમાળ, સેકટર–૧૧,ગાંધી

ફોન નંબર–૦૭૯ ૨૩૨ ૨૦૪૪૦, ફેકસ નંબર–૦૭

Email : gmc8gandhin


ક્રમાંકઃગાં.મ.ન.પા./મકમ/પફન.૪૩/ ૭૫૩૬ /૨૦૨૦ તા.૦૨ –જુ–૨૦૨૦.

પ્રતિ,
મ્યુનિસિપલ સેક્રેટરીશ્રી,
ગાંધીનગર મહાનગરપાલિકા.

વિષયઃ– શ્રી વૈભવ હરેશભાઈ પરીખ અજમાયશી પર્સનલ આસીસ્ટન્ટના કરારીય સમયગાળા બાબત.

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, શ્રી વૈભવ હરેશભાઈ પરીખ અજમાયશી પર્સનલ આસીસ્ટન્ટને અત્રેની કચેરીના હુકમ ક્રમાંકઃ ગાં.મ.ન.પા./ નિમણૂંક /૮૬૦૫/ ૨૦૧૪/ તા.૭–૧૧–૨૦૧૪થી રૂા.૫,૩૦૦–૦૦(વખતો વખત સુધાર્યા અનુસાર હાલ રૂા.૧૯,૯૫૦)ના માસિક ફીકસ પગારથી પાંચ વર્ષના સમયગાળા માટે કરાર આધારે અત્રેની કચેરીમાં નિમણુંક આપવામાં આવેલ. જે અન્વયે શ્રી પરીખ અત્રેની કચેરીમાં તા.૧૨–૧૧–૨૦૧૪ના રોજ પર્સનલ આસીસ્ટન્ટના હોદ્દા ઉપર હાજર થયેલ છે.

શ્રી પરીખના નિમણૂંક હુકમની શરત નંબર–૧૮ મુજબ તેઓની બે વર્ષની કામગીરી પૂર્ણ થયે કામગીરીની સમીક્ષા કરી બાકીના સમય માટે ચાલુ રાખવા હુકમ ક્રમાંકઃ ગાં.મ.ન.પા./ મકમ/ ફન. ૪૩/ ૧૭૯૩૮/ ૨૦૧૬,તા.૩૧–૧૨–૨૦૧૬ના રોજ કરવામાં આવેલ છે,જેની નોંધ સેવાપોથીમાં કરવામાં આવેલ છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના ઠરાવ ક્રમાંકઃ૫૫૭, તા.૧૪–૨–૨૦૨૦ થી ગાંધીનગર મહાનગરપાલિકાના કર્મચારીઓને રાજયની અન્ય મહાનગરપાલિકામાં ફીકસ પગારનો અજમાયસી સમયગાળો પાંચ વર્ષની જગ્યાએ ત્રણ વર્ષ કરવામાં આવેલ છે તે મુજબ ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાપના થયા બાદ ભરતી કરેલ તમામ કર્મચારીઓને સદર લાભ આપવા માટે ઠરાવ કરવામાં આવેલ છે ઉકત ઠરાવને સામાન્ય સભાના ઠરાવ અંકઃ૭૩, તા.૨૯–૨–૨૦૨૦ મંજુરી આપવામાં આવેલ છે, ઉકત ઠરાવને ઘ્યાને લઈ અત્રેની કચેરીના તા.૧૭–૪–૨૦૨૦ના પરિપત્ર ક્રમાંકઃ ગાં.મ.ન.પા./ મકમ/ફન–૨૩૩/ પરિપત્ર/૫૬૦૭/૨૦૨૦થી

..પાછળ..

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાપના થયા બાદ ભરતી કરેલ તમામ કર્મચારીઓને ફીકસ પગારનો અજમાયશી સમયગાળો પાંચ વર્ષની જગ્યાએ ત્રણ વર્ષ કરવા અંગેનો પરિપત્ર કરવામાં આવેલ છે. શ્રી પરીખએ કરાર આધારિત સમયગાળા દરમ્યાન તા.૪–૨–૨૦૧૫ થી તા.૭–૨–૨૦૧૫ દિન–૪ તથા તા.૩–૩–૨૦૧૫ થી તા.૩૧–૩–૨૦૧૫ સુધી દિન–૨૯ મળી કુલ–૩૩ બિનપગારી રજાઓની ભોગવેલ છે તે ધ્યાને લેતાં તેઓને ફીકસ પગારમાં પાંચ વર્ષ તા.૧૪–૧૨–૨૦૧૯ના પૂર્ણ થયેલ છે.

શ્રી પરીખના દસ્તાવેજોની ચકાસણી કરતાં તેઓએ રજુ કરેલ NATIONAL INSTITUTE OF ELECTRONICS AND INFORMATION TECHNOLOGY (NIELIT)નું સી.સી.સી. પરીક્ષા પાસ કર્યા અંગેનું પ્રમાણપત્ર પરથી જણાયછે કે તેઓએ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧–૯–૨૦૧૯ના ઠરાવ મુજબ 'A' Level (Advance Diploma Level)નો કરેલ કોર્ષ કરેલ ન હોઈ તેઓએ સી.સી.સી. પરીક્ષા પાસ કરેલ નથી.

શ્રી પરીખે કરારીય (ફીકસ પગાર) સમયગાળા દરમ્યાન સી.સી.સી. પરીક્ષા પાસ કરેલ નથી પરંતુ સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩–૧૦–૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/ ૧૧/૨૦૧૫/૩૧૨૯૧૧/ ગ–૫ તથા તા.૨૩–૧૦–૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર /૧૧/ ૨૦૧૫/૩૧૨૯૧૧(૧) / ગ–૫ મુજબ " કરાર આધારે ફીકસ પગારે નિમણૂંક મેળવેલ કર્મચારીએ કરારીય સમયગાળા દરમ્યાન નિયત પૂર્વ સેવા તાલીમ અને તાલીમાન્ત પરીક્ષા પાસ કરેલ હોય અને અન્ય રીતે કરારીય સમયગાળા દરમ્યાન સંતોષકારક કામગીરી બજાવેલ હોય તો તેવા સંજોગોમાં સંબંધિત કર્મચારી ધ્વારા કરારીય સમયગાળા દરમ્યાન જે ગેરહાજરી ભોગવવામાં આવી હોય તેવી ગેરહાજરીનો સમયગાળો ઉમેરી, તેઓને સી.સી.સી. પરીક્ષા પાસ ન કરી હોય તો પણ કરારીય સમયગાળો પૂર્ણ કરી નિયમિત પગાર ધોરણમાં નિમણૂંક આપવાની રહેશે. આવા ઉમેદવારોએ નિયમિત પગાર ધોરણમાં નિમણૂંક થયાની તારીખથી બે વર્ષની અંદર કોમ્પ્યુટર જ્ઞાનની સી.સી.સી.ની પરીક્ષા પાસ કરવાની રહેશે." તેમ ઠરાવેલ છે.

અત્રેની કચેરીના તા.૧૭–૪–૨૦૨૦ના પરિપત્ર મુજબ શ્રી વૈભવ હરેશભાઈ પરીખ અજમાયશી પર્સનલ આસીસ્ટન્ટની બીન પગાર રજાઓ બાદ કરતા ત્રણ વર્ષનો ફીકસ પગારનો સમયગાળો તા.૧૪–૧૨–૨૦૧૭ના રોજ પૂણ થયેલ છે તેથી તેઓને તા.૧૫–૧૨–૨૦૧૭થી નિયમિત પગારમાં સમાવવાના થાય પરંતુ તેઓએ સી.સી.સી. પરીક્ષા પાસ કરેલ ન હોઈ નિયમિત પગારમાં સમાવેશ કર્યાના બે વર્ષમાં સી.સી.સી. પરીક્ષા પાસ કરવાની થાય.

..૩..

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ફીકસ પગારના કર્મચારીઓ માટે કરારીય સમયગાળો પાંચ વર્ષની જગ્યાએ ત્રણ વર્ષનો કરવા નીતી અમલી બનેલ હોઈ તેઓને તા.૧૫–૧૨–૨૦૧૭થી નિયમિત પગારમાં સમાવવામાં આવે તો તેઓને સી.સી.સી. પરીક્ષા સમય મર્યાદામાં પાસ કરવાનો બે વર્ષનો સમયગાળો પૂર્ણ થતો હોઈ તેઓને તાત્કાલીક અસરથી છુટા કરવાના થાય અને તેઓ સી.સી.સી. પરીક્ષા પાસ કરે ત્યારે તેમને પ્રવરતાના હકકના રક્ષણ વિના સેવામાં પરત લેવાના થાય.

ગુજરાત સરકારશ્રીની ફીકસ પગારની નીતિ મુજબ ફીકસ પગારનો સમયગાળો પાંચ વર્ષનો છે તે ધ્યાને લેતાં શ્રી પરીખની બીન પગારી રજાઓ બાદ કરતાં તા.૧૪–૧૨–૨૦૧૯ના રોજ પાંચ વર્ષ પૂર્ણ થયેલ છે. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩–૧૦–૨૦૧૫ના ઠરાવો મુજબ પાંચ વર્ષ પૂર્ણ થયા બાદ બે વર્ષમાં સી.સી.સી. પરીક્ષા પાસ કરવાની જોગવાઈ છે જેની મુદત તા.૧૪–૧૨–૨૦૨૧ના રોજ પૂર્ણ થાય છે સામાન્ય સભાના તા.૨૯–૨–૨૦૨૦ના ઠરાવ અંક:૭૩થી ગાંધીનગર મહાનગરપાલિકાના ફીકસ પગારના કર્મચારીઓને પાંચ વર્ષ પૂર્ણ થયે પુરા પગારમાં સમાવવાની સરકારશ્રીની નીતિને બદલે ત્રણ વર્ષ પૂર્ણ કર્યેથી નિયમિત પગાર ધોરણમાં સમાવવાની નીતિ અમલી બનાવેલ છે તેના લીધે પ્રસ્તુત બાબત ઉપસ્થિત થયેલ છે. નવી નીતિના કારણે ઉપરોકત કર્મચારીને અન્યાય ન થાય તે હેતુસર.

૧. શ્રી પરીખને તા.૧૫–૧૨–૨૦૧૭થી ફીકસ પગારમાં ફરજ ઉપર ચાલુ રાખવા અને

૨. સી.સી.સી. પરીક્ષા પાસ કરવાની મહત્તમ સમયમર્યાદા સરકારશ્રીની નીતિ મુજબ તા.૧૪–૧૨–૨૦૨૧ થાય છે તે સમય દરમ્યાન સી.સી.સી. પરીક્ષા પાસ કરવા.

અંગે યોગ્ય તે નિર્ણય અર્થે પ્રસ્તુત કામ સ્થાયી સમિતિ મારફતે સામાન્ય સભાના નિર્ણાયાર્થે રજુ કરશો.

(ર્ડા. રતનકંવર એચ ગઢવીચારણ)IAS
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા.

નકલ સવિનય રવાના:–
માન.મેયરશ્રી,
ગાંધીનગર મહાનગરપાલિકા.

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની મીટીંગ તા.૧૩/૧૧/૨૦૨૦ ના રોજ બપોરે ૦૧:૩૦ કલાકે શ્રી દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપણા હેઠળ મળી તેના ઠરાવની નકલ

| વિષય | દરખાસ્ત તથા સુધારો | | મત આપવામાં આવ્યો તે | | ઠરાવ | | તે જ વિષય ઉપર થયેલા ઠરાવના અંક તથા તારીખ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | નામ<br>૧. દરખાસ્ત કરનારનું<br>૨. અનુમોદન આપનાર | દરખાસ્ત કે સુધારો આવ્યો તે | તરફેણ માં | વિરૂધ્ધ માં | અનુક્રમ અંક તથા તારીખ | મતલબ | છેવટનો પાછલો ઠરાવ | આગળનો હવે પછી ઠરાવ થાય તે |
| | | | | | | | | |
| **વિષય નંબર–૬**<br><br>શ્રી વૈભવ હરેશભાઇ પરીખ અજમાયશી પર્સનલ આસીસ્ટન્ટના કરારીય સમયગાળા અંગે કમિશનરશ્રી તરફથી આવેલ ભલામણ જોવાઈ તેને મંજુરી આપવા બાબત. | (૧) શ્રી નિતિનભાઇ પટેલ.<br>(૨) શ્રી મનુભાઇ પટેલ.<br>(૩) શ્રીમતી પ્રિતીબેન દવે.<br>(૪) શ્રી ધીરૂભાઈ જી. ડોડીયા<br>(૫) શ્રી નરેશકુમાર પરમાર<br>(૬) શ્રીમતી પ્રવિણાબેન દરજી.<br>(૭) શ્રીમતી પાર્વતીબેન પરમાર.<br>(૮) શ્રીમતી નીલાબેન શુકલ<br>(૯) શ્રીમતી બરખાબેન જહા. | ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ફિક્ષ પે નો સમયગાળો ૫ વર્ષમાંથી ૩ વર્ષ કરવામાં આવેલ છે જેનો મુખ્ય હેતુ કર્મચારીઓને પ્રોત્સાહન આપવાનો છે. જેના લીધે ખાસ પરિસ્થિતિનું નિર્માણ થાય તો તેના લીધે કોઈ પણ કર્મચારીને કોઈપણ પ્રકારનું નુકશાન ન થાય તે બાબત પણ તેટલી જ જરૂરી છે.<br>શ્રી વૈભવ હરેશભાઈ પરીખ, પર્સનલ આસિસ્ટન્ટ તા.૧૨-૧૧-૨૦૧૪ ના રોજ મહાનગરપાલિકા ખાતે હાજર થયેલ છે. શ્રી પરીખને તા.૧૫-૧૨-૨૦૧૯ના રોજ પાંચ વર્ષ પૂર્ણ થયેલ છે. સરકારશ્રીના ઠરાવ મુજબ પાંચ વર્ષ ફિક્ષ પેમાં સેવા આપનાર કર્મચારીએ પાંચ વર્ષ પૂર્ણ થયા બાદના બે વર્ષના સમયગાળામાં સી.સી.સી./સી.સી.સી. પ્લસ પરીક્ષા પાસ કરવાની રહે છે એટલે કે શ્રી પરીખને તા.૧૪-૧૨-૨૦૨૧ સુધી સી.સી.સી./સી.સી.સી. પ્લસ પાસ કરવાની મુદત મળવાપાત્ર છે. | ૧૦ | - | <u>૬૪૯</u><br>૧૩/૧૧/૨૦૨૦ | સ.મતે મંજુર | | |

ખરી નકલ

ઈ/ચા મ્યુનિસિપલ સેક્રેટરી
ગાંધીનગર મહાનગર પાલિકા

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | તા.૨૯-૦૨-૨૦૨૦ ના રોજ[illegible] સભા ઠરાવ અંક:૭૩ થી ફિક્ષ પે નો સમયગાળો પાંચ વર્ષમાંથી ત્રણ વર્ષ કરવામાં આવેલ છે. આમ શ્રી પરીખને પાંચ વર્ષ પૂર્ણ થયાના ત્રણ માસ બાદ સામાન્ય સભાએ ફિક્ષ પગારની નીતી બદલેલ છે જેના કારણે ખાસ પરિસ્થિતિનું નિર્માણ થયેલ છે આથી શ્રી પરીખને તા.૧૫-૧૨-૨૦૧૭ થી અંગત મદદનીશ તરીકે ચાલુ રાખવા તેમજ તા.૧૪-૧૨-૨૦૨૧ સુધી સી.સી.સી./સી.સી.સી. પ્લસ પાસ કરવાની મુદત આપવાનું ઠરાવવામાં આવે છે.<br>શ્રી પરીખે તા.૦૫-૦૯-૨૦૨૦ના રોજ સ્પીપા દ્વારા લેવાનાર સી.સી.સી. પ્લસ પરીક્ષા પાસ કરેલ છે જે બાબત ધ્યાને લેતાં શ્રી પરીખને તાત્કાલિક નિયમિત પગારધોરણમાં તેઓને મળવાપાત્ર લાભો તથા ઈજાફા સહ નિમણૂંક આપવાનું તેમજ મળવાપાત્ર તફાવતની રકમ ચુકવી આપવાનું આ સ્થાયી સમિતી ઠરાવે છે.<br>પ્રસ્તુત કામ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ મંજુરી આપવાનું સ્થાયી સમિતી દ્વારા ઠરાવવામાં આવે છે. | | | | | | |

ખરી નકલ

TS Trivedi

ઈ.ચા. મ્યુનિસિપલ સેક્રેટરી

ગાંધીનગર મહાનગરપાલિકા

# ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

બહુમાળી ભવન, પ્રથમમાળ, સેક્ટર–૧૧, ગાંધીનગર–૩૮૨૦૧૧
ફોન નં: ૦૭૯ ૨૩૨૨૦૪૪૦, ફેક્સ નંબરઃ ૦૭૯ ૨૩૨૨૧૪૧૯
Email: gmc8gandhinagar@gmail.com


ક્રમાંક : ગાં.મ.ન.પા/મિલકતવેરા શાખા/ફા.ન–૯૯/૧૬૮૭/૨૦૨૧ તા. ૨૭ /

પ્રતિ,
મ્યુનિસિપલ સેક્રેટરીશ્રી,
ગાંધીનગર મહાનગરપાલિકા,
ગાંધીનગર.

વિષય : ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ હોટલ, રીસોર્ટ્સ, રેસ્ટોરન્ટ, એમ્યુઝમેન્ટ પાર્ક–વોટર પાર્ક્સ, સિનેમાઘરો, મલ્ટીપ્લેક્સ અને જીમ્નેશીયમને વર્ષ ૨૦૨૧–૨૦૨૨ના વાર્ષિક પ્રોપર્ટી ટેક્ષમાં રાહત આપવા બાબત.

રાજ્ય સરકારશ્રી દ્વારા કોવિડ–૧૯ અન્વયે રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને તા.૦૧.૦૪.૨૦૨૧ થી તા.૩૧.૦૩.૨૦૨૨ સુધી હોટલ, રીસોર્ટ્સ, રેસ્ટોરન્ટ, એમ્યુઝમેન્ટ પાર્ક–વોટર પાર્ક્સ, સિનેમાઘરો, મલ્ટીપ્લેક્સ અને જીમ્નેશીયમને પ્રોપર્ટી ટેક્ષ માંથી મુકિત આપવામાં આવેલ છે. જેનો મહાનગરપાલિકા/નગરપાલિકામાં અમલ કરવા બાબતે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા પરિપત્ર ક્રમાંક:પરચ/૮૦૨૦૨૧/૩૯૧૯/પી, તા.૨૩/૦૭/૨૦૨૧ કરવામાં આવેલ છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પરિપત્ર અન્વયે હોટલ, રીસોર્ટ્સ, રેસ્ટોરન્ટ, એમ્યુઝમેન્ટ પાર્ક–વોટર પાર્ક્સ, સિનેમાઘરો, મલ્ટીપ્લેક્સ અને જીમ્નેશીયમને વર્ષ ૨૦૨૧–૨૨ના વાર્ષિક પ્રોપર્ટી ટેક્સમાં મુકિત આપવાની રહેશે. જે મુજબની ઓછી આવક થતા તે રકમ મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓને ફાળવવા સહાય/ગ્રાન્ટ તરીકે મંજુર કરવામાં આવેલ છે.

આમ, સામાન્ય સભાની મંજૂરીની અપેક્ષાએ હોટલ, રીસોર્ટ્સ, રેસ્ટોરન્ટ, એમ્યુઝમેન્ટ પાર્ક–વોટર પાર્ક્સ, સિનેમાઘરો, મલ્ટીપ્લેક્સ અને જીમ્નેશીયમને વર્ષ ૨૦૨૧–૨૨ના વાર્ષિક પ્રોપર્ટી ટેક્સમાં મુકિત આપવાની થાય.

આ દરખાસ્ત ગાંધીનગર મહાનગરપાલિકામાં તા.૧૮/૦૬/૨૦૨૦ ના જાહેરનામા નં KV/48 of 2020/GMC/902020/928/P થી સમાવિષ્ટ વિસ્તારને પણ લાગુ કરવામાં આવશે.

ગાંધીનગરના શહેરીજનો ઉપરોક્ત યોજનાનો લાભ લઇ શકે તે અર્થે સ્થાયી સમિતિ મારફતે સમગ્ર સામાન્ય સભાની મંજૂરી મેળવી આપવા વિનંતી છે.

૨૮/૧૦/૨૧
ડૉ. ધવલ પટેલ (આઈ.એ.એસ)
મ્યુનિસિપલ કમિશ્નર
ગાંધીનગર મહાનગરપાલિકા

નકલ સાદર રવાના:–
૧. માન. મેયરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા તરફ જાણ સારૂં.
૨. માન. ડેપ્યુટી મેયરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા તરફ જાણ સારૂં.

## ગાંધીનગર મહાનગરપાલિકા

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની મીટીંગ તા.૦૨/૧૨/૨૦૨૧ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે શ્રી જશવંતલાલ પટેલના અધ્યક્ષપણા હેઠળ મળી તેના ઠરાવની નક્લ

| વિષય | દરખાસ્ત તથા સુધારો | | મત આપવામાં આવ્યો તે | | ઠરાવ | | તે જ વિષય ઉપર થયેલા ઠરાવના અંક તથા તારીખ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | નામ<br>૧. દરખાસ્ત કરનારનું<br>૨. અનુમોદન આપનાર | દરખાસ્ત કે સુધારો આવ્યો તે | તરફેણ માં | વિરૂધ્ધ માં | અનુક્રમ અંક તથા તારીખ | મતલબ | છેવટનો પાછલો ઠરાવ | આગળનો હવે પછી ઠરાવ થાય તે |
| **વિષય નંબર–3**<br><br>ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ હોટલ, રિસોર્ટ્સ, રેસ્ટોરન્ટ, એમ્યુઝમેન્ટ પાર્ક-વોટર પાર્ક્સ, સિનેમાઘરો, મલ્ટીપ્લેક્સ અને જીમ્નેશીયમને વર્ષ-૨૦૨૧-૨૦૨૨ના વાર્ષિક પ્રોપર્ટી ટેક્ષમાં રાહત આપવા અંગે કમિશનરશ્રી તરફથી આવેલ ભલામણને જોવાઈ તેને મંજુરી આપવા બાબત. | ૧. શ્રી રાજેશકુમાર પટેલ<br>૨. શ્રી અંજનાબેન મહેતા<br>૩. શ્રી દિપ્તીબેન પટેલ<br>૪. શ્રી સોનાલીબેન પટેલ<br>૫. શ્રી દક્ષાબેન મકવાણા<br>૬. શ્રી કિંજલકુમાર પટેલ<br>૭. શ્રી પદમસિંહ ચૌહાણ<br>૮. શ્રી સોનલબા વાઘેલા<br>૯. શ્રી શૈલેષકુમાર પટેલ<br>૧૦. શ્રી સંકેત પંચાસરા | ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ હોટલ, રિસોર્ટ્સ, રેસ્ટોરન્ટ, એમ્યુઝમેન્ટ પાર્ક-વોટર પાર્ક્સ, સિનેમાઘરો, મલ્ટીપ્લેક્સ અને જીમ્નેશીયમને વર્ષ-૨૦૨૧-૨૦૨૨ના વાર્ષિક પ્રોપર્ટી ટેક્ષમાં રાહત આપવા અંગે કમિશનરશ્રી તરફથી આવેલ ભલામણને સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.<br>પ્રસ્તુત બાબત સામાન્ય સભા તરફ સાદર કરવામાં આવે છે. | ૧૧ | - | ૫<br>૦૨/૧૨/૨૦૨૧ | સ.મતે મંજુર | | |

ખરી નકલ

ઈ.ચા.મ્યુનિસિપલ સેક્રેટરી
ગાંધીનગર મહાનગરપાલિકા

મહાનગર પાલિકા, ગાંધીનગર
ઇનવર્ડ નંબર :- ૭૬૭૫૮
06 SEP 2021
શાખા : Tax

*કોવિડ-૧૯ મહામારી અન્વયે મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને પ્રોપર્ટી ટેક્ષમાં રાહત આપવા અંગે...*

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંકઃ પરચ/૮૦૨૦૨૧/૩૭૧૯/પી(પાર્ટ)
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૩.૦૯.૨૦૨૧

વંચાણે લીધાઃ-

(૧) આ વિભાગનો તા.૨૩.૦૭.૨૦૨૧નો ઠરાવ ક્રમાંકઃ પરચ/૮૦૨૦૨૧/૩૭૧૯/પી

(૨) સુરત મહાનગરપાલિકાનો તા.૧૧.૦૬.૨૦૨૧નો પત્ર ક્રમાંકઃ એ.આર.ડી.નં/સે.સેલ/૭૪.

સુધારા ઠરાવઃ-

ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક(૧)માં દર્શાવેલ ઠરાવથી રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને તા.૦૧.૦૪.૨૦૨૧ થી તા.૩૧.૦૩.૨૦૨૨ સુધી હોટલ, રીસોર્ટસ, રેસ્ટોરન્ટ, એમ્યુઝમેન્ટ પાર્ક-વોટર પાર્કસ, સિનેમાઘરો, મલ્ટીપ્લેક્સ અને જીમ્નેશીયમને પ્રોપર્ટી ટેક્સમાં મુક્તિ આપવા સંદર્ભે કુલ રૂ.૮૫.૭૯૮ કરોડ મંજુર કરવામાં આવેલ. જે પૈકી સુરત મહાનગરપાલિકા માટે રૂ.૧૦.૬૬૦ કરોડની રકમને મંજુરી આપવામાં આવેલ છે. સદરહુ બાબતે વંચાણે લીધેલ ક્રમાંકઃ (૨)માં દર્શાવેલ પત્રથી સુરત મહાનગરપાલિકાએ રૂ.૯.૨૩ કરોડના વધારાની દરખાસ્ત કરેલ. જે સુરત મહાનગરપાલિકાને વધારાના રૂ.૯.૨૩ કરોડ પ્રોપર્ટી ટેક્ષમાં રાહત આપવા માટે આથી મંજુર કરવામાં આવે છે. આમ, એકંદરે કુલ રૂ.૮૫.૭૯૮/- કરોડ મંજુર કરવામાં આવેલ તેની જગ્યાએ રૂ.૯૫.૦૨૮/-કરોડ મુજબ સુધારો કરવામાં આવે છે. તેમજ નીચે મુજબની શરત ઉમેરવામાં આવે છે.

શરતઃ-

રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને તા.૦૧.૦૪.૨૦૨૧ થી તા.૩૧.૦૩.૨૦૨૨ સુધી હોટલ, રીસોર્ટસ, રેસ્ટોરન્ટ, એમ્યુઝમેન્ટ પાર્ક-વોટર પાર્કસ, સિનેમાઘરો, મલ્ટીપ્લેક્સ અને જીમ્નેશીયમને પ્રોપર્ટી ટેક્સમાં મુક્તિ આપવા સંદર્ભે હવે પછી કોઇ ક્લેમ સ્વીકારવામાં આવશે નહિ અને રાહત આપવાની થાય તો તે નગરપાલિકા/મહાનગરપાલિકાએ ખર્ચ ભોગવવાનો રહેશે.

P. 6/9/21

૨. ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંકઃ(૧)માં તા.૨૩.૦૭.૨૦૨૧ના ઠરાવની અન્ય બાબતો યથાવત રહેશે.

૩. આ સુધારા ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગના તા.૦૫.૦૮.૨૦૨૧ અને સરકારશ્રીની તા.૧૩.૦૮.૨૦૨૧ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આનંદ ઝીંઝાલા)
સંયુક્ત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.

પ્રતિ,

- માનનીય મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માનનીય મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧ અને ૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મ્યુનિસિપલ કમિશનરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ, ગાંધીનગર.
- કમિશનરશ્રી, મ્યુનિસિપાલિટીઝ એડમીનીસ્ટ્રેશન, ગાંધીનગર.
- અધિક કમિશનરશ્રી અને મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી(બજેટ), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(ન.પા.), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પ્રાદેશિક મ્યુનિસિપાલિટીઝ કમિશનરશ્રી, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને ભાવનગર.
- સેકશન અધિકારીશ્રી(બજેટ શાખા), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી(મ-શાખા), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રોકડ શાખા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૧/ના.સે.અ. સિ.ફા.-૨૦૨૧.

કોવિડ-૧૯ મહામારી અન્વયે મહાનગરપાલિક
અને નગરપાલિકાઓને પ્રોપર્ટી ટેક્ષમાં રાહ
આપવા અંગે...

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પરચ/૮૦૨૦૨૧/૩૭૧૯/પી
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૩.૦૭.૨૦૨૧

મહાનગર પાલિકા, ગાંધીન
ઇનવર્ડ નંબર :- ૭૨૪૮૩
27 JUL 2021
શાખા : Tax

વંચાણે લીધાઃ-

(૧) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકાનો તા.૦૯.૦૬.૨૦૨૧નો પત્ર ક્રમાંકઃ ગાં.મ.ન.પા./મિલકતવેરા/૭૮૨/૨૦૨૧.

(૨) આસીસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરશ્રી, વડોદરા મહાનગરપાલિકાનો તા.૦૯.૦૬.૨૦૨૧નો ઇ-મેઇલ પત્ર.

(૩) આસીસ્ટન્ટ કમિશનરશ્રી(ટેક્સ), જામનગર મહાનગરપાલિકાનો તા.૦૯.૦૬.૨૦૨૧નો પત્ર ક્રમાંકઃ જેએમસી/ટેક્સ/૪૬/૧૦૫/૨૦૨૧-૨૨.

(૪) સહાયક કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાનો તા.૦૯.૦૬.૨૦૨૧નો પત્ર ક્રમાંક ઘ.મ.જા.નં.૯૦૩.

(૫) નાયબ કમિશનરશ્રી, જૂનાગઢ મહાનગરપાલિકાનો તા.૦૯.૦૬.૨૦૨૧નો પત્ર ક્રમાંક જુ.મ.ન.પા./એ.ડી.એમ./હા.ટે./જા.નં.૯૪.

(૬) આસીસ્ટન્ટ કમિશનર અને ઇ.ચા. ડે.મ્યુ.કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાનો તા.૧૦.૦૬.૨૦૨૧નો પત્ર ક્રમાંકઃ એ.આર.ડી.નં/સે.સેલ/૭૧.

(૭) કમિશનરશ્રી, મ્યુનિસિપલ એડમીનીસ્ટ્રેશન, ગાંધીનગરનો તા.૧૦.૦૬.૨૦૨૧નો ઇ-મેઇલ.

(૮) ઇન્ચાર્જ એસેસર એન્ડ ટેક્ષ કલેક્ટરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો તા.૧૦.૦૬.૨૦૨૧નો ઇ-મેઇલ.

(૯) કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાનો તા.૧૧.૦૬.૨૦૨૧નો પત્ર ક્રમાંકઃ રા.મ.ન.પા./ટેક્સ/જા.નં.૭૨.

આમુખઃ-

માન.મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં મળેલ કોર કમિટીની બેઠકમાં કોવિડ-૧૯ અન્વયે મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારમાં આવેલ હોટલ, રીસોર્ટસ, રેસ્ટોરન્ટ, એમ્યુઝમેન્ટ પાર્ક-વોટર પાર્કસ, સિનેમાઘરો, મલ્ટીપ્લેક્સ અને જીમ્નેશીયમને તા.૦૧.૦૪.૨૦૨૧ થી તા.૩૧.૦૩.૨૦૨૨ સુધી એક વર્ષના સમય માટે પ્રોપર્ટી ટેક્ષમાંથી મુકિત આપવા બાબતે થયેલ નિર્ણય અન્વયે વંચાણે લીધેલ ક્રમાંકઃ (૧) થી (૯) મુજબ રાજ્યની મહાનગરપાલિકાઓ અને

મિશનરશ્રી, મ્યુનિસિપલ એડમીનીસ્ટ્રેશન પાસેથી હોટલ, રીસોર્ટસ, રેસ્ટોરન્ટ, એમ્યુઝમેન્ટ પાર્ક-વોટર પાર્કસ, સિનેમાઘરો, મલ્ટીપ્લેક્સ અને જીમ્નેશીયમની પ્રોપર્ટી ટેક્સની વિગતો મેળવેલ જે મુજબ તા.૦૧.૦૪.૨૦૨૧ થી તા.૩૧.૦૩.૨૦૨૨ સુધીમાં મહાનગરપાલિકાઓ માટે રૂા.૭૭.૭૧૮ કરોડ (અંકે રૂપિયા સિત્યોતેર કરોડ ઇકોતેર લાખ એંશી હજાર પુરા) અને નગરપાલિકાઓ માટે રૂા.૮.૦૮૦ કરોડ (અંકે રૂપિયા આઠ કરોડ આઠ લાખ પુરા) એમ કુલ રૂા.૮૫.૭૯૮ કરોડ (અંકે રૂપિયા પંચ્યાસી કરોડ ઓગણાએંશી લાખ એંશી હજાર પુરા) પ્રોપર્ટી ટેક્સમાં રાહત આપવાની અને તેટલી રકમ મહાનગરપાલિકાઓને અને નગરપાલિકાઓને પરત આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાના અંતે રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને તા.૦૧.૦૪.૨૦૨૧ થી તા.૩૧.૦૩.૨૦૨૨ સુધી હોટલ, રીસોર્ટસ, રેસ્ટોરન્ટ, એમ્યુઝમેન્ટ પાર્ક-વોટર પાર્કસ, સિનેમાઘરો, મલ્ટીપ્લેક્સ અને જીમ્નેશીયમને પ્રોપર્ટી ટેક્સમાં મુક્તિ આપવામાં આવેલ છે. જે મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને નીચે મુજબની કુલ રૂા.૮૫.૭૯૮ કરોડ (અંકે રૂપિયા પંચ્યાસી કરોડ ઓગણાએંશી લાખ એંશી હજાર પુરા)ની આવક ઓછી થતા તેટલી રકમ મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને ફાળવવા સહાય/ગ્રાન્ટ તરીકે એટલે કે, મહાનગરપાલિકાઓ માટે રૂા.૭૭.૭૧૮ કરોડ (અંકે રૂપિયા સિત્યોતેર કરોડ ઇકોતેર લાખ એંશી હજાર પુરા) અને નગરપાલિકાઓ માટે રૂા.૮.૦૮૦ કરોડ (અંકે રૂપિયા આઠ કરોડ આઠ લાખ પુરા) એમ કુલ રૂા.૮૫.૭૯૮ કરોડ (અંકે રૂપિયા પંચ્યાસી કરોડ ઓગણાએંશી લાખ એંશી હજાર પુરા) આથી મંજૂર કરવામાં આવે છે.

| ક્રમ | મહાનગરપાલિકા | પ્રોપર્ટી ટેક્ષની રકમ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૭.૯૦૦/- |
| ૨ | સુરત | ૧૦.૬૬૦/- |
| ૩ | વડોદરા | ૧૦.૬૭૦/- |
| ૪ | રાજકોટ | ૩.૦૧૦/- |
| ૫ | જામનગર | ૦.૫૯૮/- |
| ૬ | ગાંધીનગર | ૧.૫૮૦/- |
| ૭ | જૂનાગઢ | ૦.૪૬૦/- |
| ૮ | ભાવનગર | ૨.૮૪૦/- |
| | મહાનગરપાલિકાનું કુલ | ૭૭.૭૧૮/- |
| | | |
| | નગરપાલિકા ઝોન | |
| ૯ | અમદાવાદ | ૦.૮૨૪/- |
| ૧૦ | ગાંધીનગર | ૧.૩૩૩/- |

| | | |
|---|---|---|
| ૧૧ | વડોદરા | ૦.૯૯૫/- |
| ૧૨ | સુરત | ૦.૮૨૬/- |
| ૧૩ | રાજકોટ | ૩.૧૧૯/- |
| ૧૪ | ભાવનગર | ૦.૯૮૩/- |
| | નગરપાલિકાનું કુલ | ૮.૦૮૦/- |
| | એકંદરે કુલ | ૮૫.૭૯૮/- |

૨. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૫.૦૬.૨૦૨૧ અને સરકારશ્રીની તા.૧૬.૦૭.૨૦૨૧ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આનંદ ઝીંઝાલા)
સંયુક્ત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.

પ્રતિ,

- માનનીય મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માનનીય મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧ અને ૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મ્યુનિસિપલ કમિશનરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ, ગાંધીનગર.
- કમિશનરશ્રી, મ્યુનિસિપાલિટીઝ એડમીનીસ્ટ્રેશન, ગાંધીનગર.
- અધિક કમિશનરશ્રી અને મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી(બજેટ), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(ન.પા.), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પ્રાદેશિક મ્યુનિસિપાલિટીઝ કમિશનરશ્રી, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને ભાવનગર.
- સેકશન અધિકારીશ્રી(બજેટ શાખા), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

# ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

બહુમાળી ભવન, પ્રથમમાળ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧
ફોન નં: ૦૭૯ ૨૩૨૨૦૪૪૦, ફેક્સ નંબર: ૦૭૯ ૨૩૨૨૧૪૧૯
Email: gmc8gandhinagar@gmail.com

ક્રમાંક : ગાં.મ.ન.પા/મિલકતવેરા શાખા/ફા.ન-૦૪/૯૬૭૭/૨૦૨૧ તા.૨૬/૦૫/૨૦૨૧

પ્રતિ,
મ્યુનિસિપલ સેક્રેટરીશ્રી,
ગાંધીનગર મહાનગરપાલિકા,
ગાંધીનગર.

વિષય : ગાંધીનગર મહાનગરપાલિકામાં નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં એડવાન્સ મિલકત કરદાતા માટે ૧૦% વળતરની સમયમર્યાદા વધારવા બાબત.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં તા.૦૧/૦૪/૨૦૨૧ થી ૩૧/૦૫/૨૦૨૧ સુધીમાં એડવાન્સ ટેક્ષ ભરનાર કરદાતાઓને અત્રેની કચેરી દ્વારા ૧૦% વળતર યોજના અમલમાં હતી.

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાઈરસ (COVID-19)ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ નોવેલ કોરોના વાઈરસ (COVID-19)ના કેસોમાં સતત વધતા જાય છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાઈરસ (COVID-19)ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા તેમજ તા.૦૬/૦૪/૨૦૨૧ થી તબક્કાવાર લોકડાઉનની જાહેરાત કરેલ હતી.

ગાંધીનગર મહાનગરપાલિકાના ગત નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૦% વળતરની યોજના તા.૦૧/૦૬/૨૦૨૦ થી તા.૩૧/૦૮/૨૦૨૦ સુધી અમલી હતી જે અંતર્ગત કુલ ૨૩,૦૮૨ લોકો દ્વારા મિલકતવેરાની ચૂકવણી કરેલ. જેમાંથી ૧૮,૧૫૦ લોકો દ્વારા ઓફલાઇન ચૂકવણું કરેલ. ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૦% વળતરની યોજના અંતર્ગત ઓનલાઈન અને ઓફલાઈન કુલ રૂ.૩.૫૫ કરોડ જેટલું કલેક્શન થયેલ છે. ગાંધીનગર મહાનગરપાલિકાની આવકમાં વધારો થાય તેમજ શહેરીજનો ૧૦% વળતરનો લાભ મળે તે હેતુથી ૧૦% વળતર યોજનાને તા. ૦૧/૦૬/૨૦૨૧ થી તા. ૩૦/૦૬/૨૦૨૧ સુધી લંબાવવામાં આવે. જેથી ગાંધીનગરના શહેરીજનો ઉપરોક્ત યોજનાનો લાભ લઈ શકે તે અર્થે સ્થાયી સમિતિ મારફતે સામાન્ય સભાની મંજૂરી મેળવી આપવા વિનંતી છે.

Ratang.

ડૉ. રતનકંવર એચ.ગઢવીચારણ (આઈ.એ.એસ)
મ્યુનિસિપલ કમિશ્નર
ગાંધીનગર મહાનગરપાલિકા

ગાંધીનગર મહાનગરપાલિકા

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની મીટીંગ તા.૦૨/૧૨/૨૦૨૧ના રોજ સવારે ૧૧:૩૦ ક્લાકે શ્રી જશવંતલાલ પટેલના અધ્યક્ષપણા હેઠળ મળી તેના ઠરાવની નકલ

| વિષય | દરખાસ્ત તથા સુધારો | | મત આપવામાં આવ્યો તે | | ઠરાવ | | તે જ વિષય ઉપર થયેલા ઠરાવના અંક તથા તારીખ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | નામ<br>૧. દરખાસ્ત કરનારનું<br>૨. અનુમોદન આપનાર | દરખાસ્ત કે સુધારો આવ્યો તે | તરફેણ માં | વિરૂધ્ધ માં | અનુક્રમ અંક તથા તારીખ | મતલબ | છેવટનો પાછલો ઠરાવ | આગળનો હવે પછી ઠરાવ થાય તે |
| **વિષય નંબર–૫**<br>ગાંધીનગર મહાનગરપાલિકામાં નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં એડવાન્સ મિલકતવેરો ભરનાર કરદાતા માટે ૧૦% વળતર યોજનાની સમયમર્યાદા તા.૦૧/૦૬/૨૦૨૧ થી તા.૩૦/૦૬/૨૦૨૧ સુધી લંબાવવા અંગે કમિશનરશ્રી તરફથી આવેલ ભલામણ જોવાઈ તેને મંજુરી આપવા બાબત. | ૧. શ્રી રાજેશકુમાર પટેલ<br>૨. શ્રી અંજનાબેન મહેતા<br>૩. શ્રી દિપ્તીબેન પટેલ<br>૪. શ્રી સોનાલીબેન પટેલ<br>૫. શ્રી દક્ષાબેન મકવાણા<br>૬. શ્રી કિંજલકુમાર પટેલ<br>૭. શ્રી પદમસિંહ ચૌહાણ<br>૮. શ્રી સોનલબા વાઘેલા<br>૯. શ્રી શૈલેષકુમાર પટેલ<br>૧૦. શ્રી સંકેત પંચાસરા | ગાંધીનગર મહાનગરપાલિકામાં નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં એડવાન્સ મિલકતવેરો ભરનાર કરદાતા માટે ૧૦% વળતર યોજનાની સમયમર્યાદા તા.૦૧/૦૬/૨૦૨૧ થી તા.૩૦/૦૬/૨૦૨૧ સુધી લંબાવવા અંગે કમિશનરશ્રી તરફથી આવેલ ભલામણને સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.<br>પ્રસ્તુત બાબત સામાન્ય સભા તરફ સાદર કરવામાં આવે છે. | ૧૧ | - | ૭<br>૦૨/૧૨/૨૦૨૧ | સ.મતે મંજુર | | |

ખરી નકલ

B.J. Trivedi

ઈ.ચા.મ્યુનિસિપલ સેક્રેટરી

ગાંધીનગર મહાનગરપાલિકા

# ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

બહુમાળી ભવન,પ્રથમમાળ,સેકટર–૧૧,ગાંધીનગર,૩૮૨૦૧૧
ફોન નંબર–૦૭૯ ૨૩૨૨૦૪૪૦,ફેક્સ નંબર–૦૭૯ ૨૩૨૨૧૪૧૯
Email :gmc8gandhinagar@gmail.com


ક્રમાંક:ગાં.મ.ન.પા /મહેકમ/વર્ગ–૪/શ.સી.ગુ/ ૧૫૨૨ /૨૦૨૧, તા.૩૦/૦૧/૨૦૨૧

પ્રતિ,
મ્યુનિસિપલ સેક્રેટરીશ્રી,
ગાંધીનગર મહાનગરપાલિકા.

**વિષય**:– ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે ફરજ બજાવતા અને તા.૩૦/૦૬/૨૦૨૦ના રોજ વય નિવૃત થયેલ સફાઈ કામદારના પેન્શન મંજુરી અર્થે ખાસ કિસ્સામાં બિન–પગારી/અસાધારણ રજા મંજુર કરવા બાબત.

**સંદર્ભ**:– (૧) હિસાબી અધિકારીશ્રી પેન્શન અને પ્રો.ફંડ નિયામકશ્રીનો પત્ર.નં.. ડીપીપી/પી.આર.–૫/૧૦૪૨૬/૩૯૧ તા.૩૦/૦૭/૨૦૨૦.

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગાંધીનગરનો પત્ર ક્રમાંક /૧૦૨૦૧૧/૩૩૭૮/પી, તા.૦૭/૦૭/૨૦૧૧.

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, અત્રેની કચેરીમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા અને તા.૩૦/૦૬/૨૦૨૦ન રોજ વય નિવૃત થયેલ શ્રી શંકરભાઈભાઈ શીવાભાઈ ગુર્જર, સફાઈ કામદારના પેન્શન મંજુર કરવા અંગેની દરખાસ્ત તૈયાર કરી અત્રેની કચેરીના તા.૦૪/૦૪/૨૦૨૦થી મંજુર કરવા દરખાસ્ત પેન્શન કચેરીને મોકલવામાં આવેલ. જેમાં સંદર્ભ (૧)ના પત્રથી વાંધા પૂર્તતા કરવા પરત આવેલ છે. જેમાં જણાવેલ છે કે, શ્રી ગુર્જરના પેન્શન કેસમાં ROP-૧૯૯૮ અને ROP-૨૦૦૬ છઠ્ઠા પગાર બાંધણીની ચકાસણી કરાવી, સ્ટીકર/મેળવી સેવાપોથીમાં ચોંટાડી ત્યારબાદ પેન્શન મંજુર કરવાની દરખાસ્ત પૂન: રજુ કરવા જણાવેલ છે.

ઉપરોક્ત નિયામકશ્રી, પેન્શન અને પ્રો.ફંડના પત્રથી આપેલ વાંધા પૂર્તતા અંગેની વિગત ધ્યાને લેતા પૂર્તતા બાબતે શ્રી ગુર્જરની સેવાપોથી જોતા છેલ્લે (પાંચમું ) ROP-૧૯૯૮ પગાર ધોરણે મુજબ રૂ.૨૬૧૦–૬૦–૩૧૫૦–૬૫–૩૫૪૦ માં રૂ.૩૨૮૦/– તા.૦૫/૧૦/૨૦૦૦ સુધી ઈજાફો છોડવામાં આવેલ છે.

જેથી ROP-૨૦૦૬ પગાર ધોરણ ચકાસણી સ્ટીકર PVU અંગે શ્રી શંકરભાઈ શીવાભાઈ ગુર્જર નિવૃત ની ફાઈલ જોતા બિનપગારી ગેરહાજરીના કારણસર ૨૦૦૧ થી ROP-૧૯૯૮, ROP-૨૦૦૯ અને ROP-૨૦૧૬ પગાર ધોરણના ઈજાફા છોડવામાં બાકી રહેવા પામેલ છે.

જેથી શ્રી ગુર્જરની વર્ષ–૨૦૦૧ થી ૨૦૧૬ એટલે કે, તા.૦૧/૧૦/૨૦૦૦ થી તા.૩૦/૦૬/૨૦૨૦ નિવૃતી તારીખ સુધીની વર્ષવાઈઝ ગેરહાજરી કુલ દિન–૩૧૯૫ દિવસની બિનપગાર રજા થયેલ છે. (પત્રક સામેલ છે.) જે બિનપગાર રજાઓને અસાધારણ રજા ગણી મંજુર થયેથી પેન્શન મંજુર કરવા અર્થે દરખાસ્ત રજુ કરવાની થાય છે.

ઉક્ત વિગતો ધ્યાને લેતા શ્રી ગુર્જર, નિવૃત સફાઈ કામદારની કુલ દિન–૩૧૯૫ની ગેરહાજરી/બિનપગારી રજાને અસાધારણ રજા અંગેના નિયમો/જોગવાઈઓ ધ્યાને લેતા ગુજરાત મુલ્કી સેવા

(રજા) નિયમો –૨૦૦૨ ૬૦(૧)(ક) મુજબ જ્યારે બીજા પ્રકારની રજા મળવવાપાત્ર ન હોય ત્યારે કર્મચારી ને સમગ્ર નોકરી દરમ્યાન એકંદરે છત્રીસ મહિનાથી વધુ નહી એટલી અસાધારણ રજા મંજુર કરી શકાય છે.

સંદર્ભે (૨) અન્વયે શ્રી શંકરભાઈ શીવાભાઈ ગુર્જર નિવૃત સફાઈ કામદાર ની બિનપગારી રજા મંજુરી અંગે સરકારશ્રીના શહેરી વિકાસ અને શેહરી વિકાસ અને શેહરી ગૃહ નિર્માણ વિભાગના તા.૦૭/૦૭/૨૦૧૧ થી જણાવ્યા મુજબ કુલ દિન–૩૧૯૫ની બિનપગારી રજા મંજુરી અંગેના સતા "ધી .જી.પી .એમ.સી એક્ટ–૧૯૪૯ની જોગવાઈ હેઠળની સત્તા "ગાંધીનગર મ્યુનિસિપલ કોરપોરેશન"ના કાર્યક્ષેત્રની હોઈ આ બાબતે મ્યુનિસિપલ કોર્પોરેશનએ કરવાની રહે છે.

આમ, ઉપરોક્ત વિગતો જોતા નિવૃત શ્રી ગુર્જર, સફાઈ કામદારના કુટુંબની આર્થિક ભીસમાંથી રાહત મળે અને આવી પડેલ નાણાકીય કટોકટીની પરીસ્થિતિમાંથી કુટુંબને બહાર લાવવાની રહેમ નજરે કુટુંબ પેન્શન અધિકૃત કરવા માટે વર્ષવાઇઝ પત્રક મુજબની કુલ દિન–૩૧૯૫ દિવસની અસાધારણ રજા મંજુર કરવા અંગે અને શ્રી ગુર્જર સફાઈ કામદારને બાકી રહેલ પેન્શન ઈજાફાના લાભો આપવા બાબતે નિર્ણય થવા બાબતની દરખાસ્ત અંગે સ્થાયી સમિતીમાં રજુ કરી મંજુરી મેળવી ત્યારબાદ સામાન્ય સભામાં નિણયાર્થે રજૂ કરશો.

**બિડાણ:** ઉપર મુજબ

**મ્યુનિસિપલ કમિશનર**
**ગાંધીનગર મહાનગરપાલિકા.**

**નકલ સવિનય રવાના :** માન. મેયરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા, ગાંધીનગર.

# શ્રી શંકરભાઈ શીવાભાઈ ગુર્જરની ગેરહાજર દિવસોની વિગતનું પત્રક

| માસ/વર્ષ | કુલ ગેરહાજર દિવસો | રીમાર્કસ |
|---|---|---|
| તા.૦૧-૧૦-૨૦૦૦ થી તા.૩૦-૦૯-૨૦૦૧ | ૨૪૨ | C/૩૪૧ પરથી |
| તા.૦૧-૧૦-૨૦૦૧ થી તા.૩૦-૦૯-૨૦૦૨ | ૧૮૩ | C/૩૪૧ પરથી |
| તા.૦૧-૧૦-૨૦૦૨ થી તા.૩૦-૦૯-૨૦૦૩ | ૨૦૮ | C/૩૪૧ પરથી |
| તા.૦૧-૧૦-૨૦૦૩ થી તા.૩૦-૦૯-૨૦૦૪ | ૨૭૯ | C/૩૪૧ પરથી |
| તા.૦૧-૧૦-૨૦૦૪ થી તા.૩૧-૧૨-૨૦૦૪ | ૩૦ | C/૩૩૩ પરથી |
| તા.૦૧-૦૧-૨૦૦૫ થી તા.૩૧-૧૨-૨૦૦૫ | ૩૦૫ | C/૨૫૫ પરથી |
| તા.૦૧-૦૧-૨૦૦૬ થી તા.૩૧-૧૨-૨૦૦૬ | ૨૨૧ | C/૨૫૫ પરથી |
| તા.૦૧-૦૧-૨૦૦૭ થી તા.૩૧-૧૨-૨૦૦૭ | ૨૫૮ | C/૨૫૫ પરથી |
| તા.૦૧-૦૧-૨૦૦૮ થી તા.૩૧-૧૨-૨૦૦૮ | ૧૯૬ | C/૨૫૫ પરથી |
| તા.૦૧-૦૧-૨૦૦૯ થી તા.૩૧-૧૨-૨૦૦૯ | ૨૧૨ | C/૨૫૫ પરથી |
| તા.૦૧-૦૧-૨૦૧૦ થી તા.૩૧-૧૨-૨૦૧૦ | ૧૫૨ | C/૨૫૫ પરથી |
| તા.૦૧-૦૧-૨૦૧૧ થી તા.૩૧-૧૨-૨૦૧૧ | ૧૫૯ | C/૨૫૫ પરથી |
| તા.૦૧-૦૧-૨૦૧૨ થી તા.૩૧-૧૨-૨૦૧૨ | ૧૫૫ | C/૨૫૫ પરથી |
| તા.૦૧-૦૧-૨૦૧૩ થી તા.૩૧-૧૨-૨૦૧૩ | ૧૯૯ | C/૨૫૫ પરથી |
| તા.૦૧-૦૧-૨૦૧૪ થી તા.૩૧-૧૨-૨૦૧૪ | ૧૭૫ | C/૨૫૫ પરથી |
| તા.૦૧-૦૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ | ૯૨ | C/૨૫૫ પરથી |
| તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | ૧૨૯ | C/૨૫૫ પરથી |
| કુલ ગેરહાજર દિવસો | ૩૧૯૫ | - |

ગાંધીનગર મહાનગરપાલિકા

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની મીટીગ તા.૦૮/૦૩/૨૦૨૧ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે શ્રી દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપણા હેઠળ મળી તેના ઠરાવની નકલ

| વિષય | દરખાસ્ત તથા સુધારો | | મત આપવામાં આવ્યો તે | | ઠરાવ | | તે જ વિષય ઉપર થયેલા ઠરાવના અંક તથા તારીખ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | નામ<br>૧. દરખાસ્ત કરનારનું<br>૨. અનુમોદન આપનાર | દરખાસ્ત કે સુધારો આવ્યો તે | તરફેણ માં | વિરૂધ્ધ માં | અનુક્રમ અંક તથા તારીખ | મતલબ | છેવટનો પાછલો ઠરાવ | આગળ નો હવે પછી ઠરાવ થાય તે |
| **<u>વિષય નંબર–૪</u>**<br>ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે શ્રી શંકરભાઇ શીવાભાઇ ગુર્જર ફરજ બજાવતા અને તા.૩૦/૦૬/૨૦૨૦ના રોજ વય નિવૃત થયેલ સફાઇ કામદારના પેન્શન મંજુરી અર્થે ખાસ કિસ્સામાં બિન-પગારી/અસાધારણ રજા મંજુર કરવા અંગે કમિશનરશ્રી તરફથી આવેલ ભલામણ જોવાઈ તેને મંજુરી આપવા બાબત. | (૧) શ્રી નિતિનભાઇ પટેલ.<br>(૨) શ્રી મનુભાઇ પટેલ.<br>(૩) શ્રી કાર્તિક પટેલ.<br>(૪) શ્રી નરેશકુમાર પરમાર.<br>(૫) શ્રીમતી પ્રવિણાબેન દરજી.<br>(૬) શ્રીમતી પાર્વતીબેન પરમાર.<br>(૭) શ્રીમતી નીલાબેન શુકલ.<br>(૮) શ્રીમતી ર્હર્ષાબા ધાધલ.<br>(૯) શ્રીમતી બરખાબેન જડા.<br>(૧૦) શ્રીમતી પ્રિતીબેન દવે. | ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે શ્રી શંકરભાઇ શીવાભાઇ ગુર્જર ફરજ બજાવતા અને તા.૩૦/૦૬/૨૦૨૦ના રોજ વય નિવૃત થયેલ સફાઇ કામદારના પેન્શન મંજુરી અર્થે ખાસ કિસ્સામાં બિન-પગારી/અસાધારણ રજા મંજુર કરવા અંગે કમિશનરશ્રી તરફથી આવેલ ભલામણને સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.<br>**પ્રસ્તુત કામ સામાન્ય સભા તરફ સાદર કરવામાં આવે છે.** | ૧૧ | - | <u>૬૮૯</u><br>૦૮/૦૩/૨૦૨૧ | સ.મતે મંજુર | | |

**ખરી નકલ**
B.P. Trivedi
ઈ.ચા.મ્યુનિસિપલ સેક્રેટરી
ગાંધીનગર મહાનગરપાલિકા

2૪૩૧૭

ક્રમાંક: જીએમસી/૧૦૨૦૧૧/૩૩૭૮/પી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
ફોન નં.(૦૭૯) ૨૩૨૫૧૦૦૬
ફેકસ નં. (૦૭૯) ૨૩૨૫૨૩૦૯
ઇ-મેઇલ : so-p-ud@gujarat.gov.in

e/351

નિર્મળ ગુજરાત

તારીખ : 7 JUL 2011

પ્રતિ,
મ્યુનિસિપલ કમિશનરશ્રી,
ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન,
ગાંધીનગર.

**વિષયઃ અસાધારણ રજા મંજૂર કરવા બાબત.**
**શ્રી પ્રવિણભાઇ વી. પંડયા, સફાઇ કામદાર.**

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વેનાં નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનનાં તારીખ ૩૧/૫/૨૦૧૧નાં પત્ર ક્રમાંક: ગાં.મ.ન.પા./મકમ/૩૦૪૬/૨૦૧૧ અન્વયે આજ્ઞાનુસાર જણાવવાનું કે શ્રી પ્રવિણભાઇ વી. પંડયા, સફાઇ કામદારની અસાધારણ રજા મંજુર કરવા અંગેની બાબત ધી જી.પી.એમ.સી. એકટ, ૧૯૪૯ની જોગવાઇઓ હેઠળ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનનાં કાર્યક્ષેત્રની હોઇ, આ બાબતે જે તે કાર્યવાહી ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન એ કરવાની રહે છે, જે વિદિત થાય.

આપનો વિશ્વાસુ,

**(અશોકસિંહ પરમાર)**
**ઉપ સચિવ**
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

11-7
DMC
12/7

મહાનગર પાલિકા,ગાંધીનગર
ઇનવર્ડ નંબર : 2936
12 JUL 2011
શાખા:

3/5

[redacted] નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડ કચેરી, ગુજરાત રાજ્ય, ...
બ્લોક નં. ૧, જુના સચિવાલય, સેક્ટર ૧૦ બી, ગાંધીનગર-૩૮૨ ૦૧૦.
કચેરી (૦૭૯) ૨૩૨૫૪૨૨૧   ફેક્સ (૦૭૯) ૨૩૨૫૩૭૯૫
પત્ર નંબર ડીપીપી/પીઆર-પ/ 10426/33
અગત્ય બાબત / તાત્કાલિક
તા. 03/07/2020

c1377

પ્રતિ,
નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,
ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન.
ઉદ્યોગ ભવન, પ્રથમ માળ, સેક્ટર-11,
ગાંધીનગર, 382011

વિષય : પેન્શન કેસ અધિકૃત કરવા બાબત.
~~શ્રી/શ્રીમતી:~~ શંકરભાઈ શીવાભાઈ ગુર્જર
અવસાન/નિવૃત્તિ તારીખ: 30/06/2020 → 30/04/2010

સંદર્ભ : આપની કચેરીના પત્ર ક્રમાંક :

ઉપર બાબત સહ જણાવવાનું કે, સંદર્ભમાં જણાવેલ આપના પત્રથી મળેલ પેન્શન કેસમાં નીચે જણાવેલ વાંધાઓની પુર્તતા કરી પેન્શન કેસ સત્વરે અત્રેની કચેરીમાં મોકલી આપવા વિનંતી છે.

શ્રી ગુર્જર ના પેન્શનકેસ અને સેવાપોથીની ચકાસણી કરતા, શ્રી ગુર્જર ની સેવાપોથીમાં ROP-2006 નુ પગારબાંધણી સામેલ નથી. જે પગાર ચકાસણી એકમ, DAT, ગાંધીનગર થી મેળવ્યા બાદ અત્રે પેન્શન કેસ પુનઃ રજુ કરવો.

મહાનગર પાલિકા, ગાંધીનગર
ઈનવર્ડ નંબર :- ૯૦૩૩૦
15 JUL 2020
શાખા : સેનિટેશન

બિડાણ પેન્શનકેસ અને સેવાપોથી   નાયબ નિયામક (પેન્શન)   [signature] 7/7/2020 હિસાબી અધિકારી (પેન્શન)

નકલ રવાના જાણ સારૂ :
શ્રી શંકરભાઈ શીવાભાઈ ગુર્જર
બ્લોક નં. ૭૮/૬ "જ" ટાઈપ,
સેક્ટર-૨૪, ગાંધીનગર
જી. ગાંધીનગર

# ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

બહુમાળી ભવન,પ્રથમમાળ,સેકટર-૧૧,ગાંધીનગર,૩૮૨૦૧૧
ફોન નંબર-૦૭૯ ૨૩૨૨૦૪૪૦,ફેકસ નંબર-૦૭૯ ૨૩૨ ૨૧૪૧૯
Email :gmc8gandhinagar@gmail.com


ક્રમાંકઃગાં.મ.ન.પા /મહેકમ/વર્ગ-૪/સ્વ.પ્ર.વી.પં/૧૫૬૩ /૨૦૨૧, તા. /૧૨/૨૦૨૦
૨૯/૦૧/૨૦૨૧

પ્રતિ,
મ્યુનિસિપલ સેક્રેટરીશ્રી,
ગાંધીનગર મહાનગરપાલિકા.

**વિષય:**- ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા અને ચાલુ ફરજ પર અવસાન બાદ કુટુંબ પેન્શન મંજુરી અર્થે ખાસ કિસ્સામાં બિન-પગારી/અસાધારણ રજા મંજુર કરવા બાબત.

**સંદર્ભ:**- (૧) હિસાબી અધિકારીશ્રી પેન્શન અને પ્રો.ફંડ નિયામકશ્રીનો પત્ર.નં. ડીપીપી/ પી.આર.-૫/૧૫૭૫, તા.૧૮/૦૨/૨૦૨૦ અને તા.૦૬/૦૬/૨૦૨૦.
(૨) શહેરી વિકાસ અને શેહરી ગૃહ નિર્માણ વિભાગ ગાંધીનગરનો પત્ર ક્રમાંક : જીએમસી /૧૦૨૦૧૧/૩૩૭૮/પી, તા.૦૭/૦૭/૨૦૧૧.

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, અત્રેની કચેરીમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા અને ચાલુ ફરજ દરમ્યાન અવસાન થયેલ સ્વ. પ્રવીણભાઈ વી. પંડ્યાના કુટુંબ ... અત્રેની દરખાસ્ત તૈયાર કરી અત્રેની કચેરીના તા.૧૦/૦૧/૨૦૨૦થી કુટુંબ પેન્શન અ... આવેલ. જેમાં સદર્ભ (૧)ના પત્રથી વાંધા પૂર્તતા કરવા પરત આવેલ છે. જેમાં જણાવેલ છે કે ... કેસમાં ROP-૧૯૯૮ અને ROP-૨૦૦૬ છઠ્ઠા પગાર બાંધણીની ચકાસણી કરવી, સ્ટીકર/PVU મેળવી સેવાપોથીમાં ચોંટાડી ત્યારબાદ પેન્શન અધિકૃતની દરખાસ્ત રજુ કરવા જણાવેલ છે.

ઉપરોક્ત નિયામકશ્રી, પેન્શન અને પ્રો.ફંડના પત્રથી આપેલ વાંધા પૂર્તતા અત્રેની વિગતો પૂર્તતા બાબતે સ્વ.પંડ્યાની સેવાપોથીની વિગતો મુજબ છેલ્લે (પાંચમું ) ROP-૧૯૯૮ પગાર ધોરણે મુજબ રૂ.૨૬૧૦-૬૦-૩૧૫૦-૬૫-૩૫૪૦ માં રૂ.૩૨૧૫/- તા.૧૧/૦૧/૨૦૦૧ સુધી ઈજાફો છોડવામાં આવેલ છે.

જેથી ROP-૨૦૦૬ પગાર ધોરણ ચકાસણી સ્ટીકર PVU અંગે સ્વ. પંડ્યાની ફાઈલ જોતા બિનપગારી ગેરહાજરીના કારણસર ૨૦૦૧ થી ROP-૧૯૯૮, ROP-૨૦૦૯ અને ROP-૨૦૧૬ પગાર ધોરણના ઈજાફા છોડવામાં બાકી રહેવા પામેલ છે.

જેથી સ્વ. પંડ્યાની વર્ષ-૨૦૦૧ થી ૨૦૧૬ એટલે કે, તા.૦૧/૦૧/૨૦૦૨ થી તા.૦૯/૦૯/૨૦૧૯ અવસાન તારીખ સુધીની વર્ષવાઈઝ ગેરહાજરી બિનપગારી કુલ દિન-૧૮૪૫(પત્રક સામેલ રાખેલ છે.)ની બિનપગાર રજા થયેલ છે. જે બિનપગાર રજાઓને અસાધારણ રજા કરી મંજુર થયેથી પેન્શન અધિકૃત કરવા અર્થે રજુ કરવાનું થાય છે.

ઉક્ત બાબતે વિગતો ધ્યાને લેતા સ્વ. પંડ્યા સફાઈ કામદારની કુલ દિન-૧૮૪૫ની ગેરહાજરી/ બિનપગારી રજાને અસાધારણ રજા અંગેના નિયમો/જોગવાઈઓ ધ્યાને લેવા ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો -૨૦૦૨ ૬૦(૧)(ક) જ્યારે બિનપગારીની રજા મળવવાપાત્ર ન હોય ત્યારે કર્મચારી ને સમગ્ર નોકરી દરમ્યાન અકેદરે છત્રીય મહિનાથી વધુ નહી એટલી અસાધારણ રજા મંજુર કરી શકાય છે.

સંદર્ભે (૨) અન્વયે સ્વ. પંડ્યાની અસાધારણા રજા મંજુરી અંગે સરકારશ્રીના શહેરી વિકાસ અને શેહરી વિકાસ અને શેહરી ગૃહ નિર્માણ વિભાગના તા.૦૭/૦૭/૨૦૧૧ થી જણાવ્યા મુજબ કુલ દિન-૧૮૪૫ની બિનપગારી રજા મંજુરી અંગેના સતા "ધી .જી.પી .એમ.સી એક્ટ-૧૯૪૯ની જોગવાઈ હેઠળ સત્તા ગાંધીનગર મ્યુનિસિપલ કોરપોરેશનના કાર્યક્ષેત્રની હોઈ આ બાબતે મ્યુનિસિપલ કોર્પોરેશનએ કરવાની રહે છે.

આમ ઉપરોક્ત વિગતો જોતા સ્વ. પંડ્યા, સફાઈ કામદારના કુટુંબની આર્થિક ભીસમાંથી રાહત આપવા અને આવી પડેલ કટોકટી ની પરીસ્થિતિમાંથી કુટુંબને બહાર લાવવાની રહેમ નજરે કુટુંબ પેન્શન અધિકૃત કરવા માટે વર્ષવાઈઝ પત્રક મુજબ કુલ દિન-૧૮૪૫ દિવસની અસાધારણ રજા મંજુર કરવા અને બાકી રહેલ લાભો આપવા બાબતે નિર્ણય થવા બાબતની દરખાસ્ત અંગે સ્થાયી સમિતીમાં રજુ કરી મંજુરી મેળવી ત્યારબાદ સામાન્ય સભામાં નિણયાર્થે રજૂ કરશો.

**બીડાણ:** ઉપર મુજબ

Patan C

**મ્યુનિસિપલ કમિશ્નરશ્રી**
**ગાંધીનગર મહાનગરપાલિકા.**

# સ્વ. પ્રવિણભાઈ વી. પંડયાની ગેરહાજર દિવસોની વિગત

| માસ/વર્ષ | કુલ ગેરહાજર દિવસો | રીમાર્કસ |
|---|---|---|
| તા.૦૧-૦૧-૨૦૦૨ થી તા.૩૧-૧૨-૨૦૦૨ | ૧૩૬ | C/ ૨૩૩ પરથી |
| તા.૦૧-૦૧-૨૦૦૩ થી તા.૩૧-૧૨-૨૦૦૩ | ૨૩૦ | C/ ૨૩૩ પરથી |
| તા.૦૧-૦૧-૨૦૦૪ થી તા.૩૧-૧૨-૨૦૦૪ | ૮૮ | C/ ૨૩૪ પરથી |
| તા.૦૧-૦૧-૨૦૦૫ થી તા.૩૧-૧૨-૨૦૦૬ | ૨૨૩ | C/ ૨૩૪ પરથી |
| તા.૦૧-૦૧-૨૦૦૬ થી તા.૩૧-૧૨-૨૦૦૬ | ૧૧૨ | C/ ૨૩૫ પરથી |
| તા.૦૧-૦૧-૨૦૦૭ થી તા.૩૧-૧૨-૨૦૦૭ | ૬૧ | C/ ૨૭૭ પરથી |
| તા.૦૧-૦૧-૨૦૦૮ થી તા.૩૧-૧૨-૨૦૦૮ | ૨૦ | C/ ૨૭૭ પરથી |
| તા.૦૧-૦૧-૨૦૦૯ થી તા.૩૧-૧૨-૨૦૦૯ | નોકરીમાં હાજર છે. | C/૨૯૯ અને C/૩૦૧ (હિસાબી શાખાના પગાર રજીસ્ટર પરથી) |
| તા.૦૧-૦૧-૨૦૧૦ થી તા.૧૩-૧૨-૨૦૧૦ | ૧૨૪ | C/ ૨૭૮ પરથી |
| તા.૧૪-૧૨-૨૦૧૦ થી ૦૨-૦૮-૨૦૧૧ | ફરજ મોકુફી પર | C/ ૨૫૩ તથા C/ ૨૯૧ પરથી |
| તા.૦૩-૦૮-૨૦૧૧ થી ૨૯-૦૨-૨૦૧૨ | ૨૧૦ | C/ ૩૦૩ (હિસાબી શાખાના પગાર રજીસ્ટર પરથી) |
| ૦૧-૦૩-૨૦૧૨ થી તા.૩૧-૧૨-૨૦૧૨ | ૩૦ | C/ (હિસાબી શાખાના પગાર રજીસ્ટર પરથી) |
| તા.૨૬-૦૨-૨૦૧૩ થી તા.૩૧-૧૨-૨૦૧૩ | ૧૮૪ | C/૨૧ થી ૩૫ ના હાજરીપત્રક પરથી (ફાઈલ નં.૦૩) |
| તા.૦૧-૦૧-૨૦૧૪ થી તા.૩૧-૧૨-૨૦૧૪ | ૨૪૦-૧/૨ | C/૨૧ થી ૩૫ ના હાજરીપત્રક પરથી (ફાઈલ નં.૦૩) |
| તા.૦૧-૦૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ | ૩૨-૧/૨ | C/૨૧ થી ૩૫ ના હાજરીપત્રક પરથી (ફાઈલ નં.૦૩) |
| તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | ૧૦ | C/૨૧ થી ૩૫ ના હાજરીપત્રક પરથી (ફાઈલ નં.૦૩) |
| તા.૦૧-૦૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ | ૨૨ | C/૨૧ થી ૩૫ ના હાજરીપત્રક પરથી (ફાઈલ નં.૦૩) |
| તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૦-૦૭-૨૦૧૮ | ૧૨૨ | C/૨૧ થી ૩૫ ના હાજરીપત્રક પરથી (ફાઈલ નં.૦૩) તથા C/૩૦૫ (હિસાબી શાખાના પગાર (ABC) રજીસ્ટર પરથી- ફાઈલ નં.૦૧) |
| તા. ૦૧-૦૮-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮ | નોકરીમાં હાજર છે. | C/૩૦૫ (હિસાબી શાખાના પગાર (ABC) રજીસ્ટર પરથી-ફાઈલ નં.૦૧) |
| તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૦૯-૦૯-૨૦૧૯ | નોકરીમાં હાજર છે. | C/૩૦૭ (હિસાબી શાખાના પગાર (ABC) રજીસ્ટર પરથી-ફાઈલ નં.૦૧) |
| **કુલ ગેરહાજર દિવસો** | **૧૮૪૫** | |

## ગાંધીનગર મહાનગરપાલિકા

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની મીટીંગ તા.૦૮/૦૩/૨૦૨૧ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે શ્રી દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપણા હેઠળ મળી તેના ઠરાવની નકલ

| વિષય | દરખાસ્ત તથા સુધારો | | મત આપવામાં આવ્યો તે | | ઠરાવ | | તે જ વિષય ઉપર થયેલા ઠરાવના અંક તથા તારીખ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | નામ<br>૧. દરખાસ્ત કરનારનું<br>૨. અનુમોદન આપનાર | દરખાસ્ત કે સુધારો આવ્યો તે | તરફેણ માં | વિરૂધ્ધ માં | અનુક્રમ અંક તથા તારીખ | મતલબ | છેવટ નો પાછલો ઠરાવ | આગળ નો હવે પછી ઠરાવ થાય તે |
| **વિષય નંબર–૫**<br>ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે સફાઇ કામદાર તરીકે ફરજ બજાવતા અને ચાલુ ફરજ પર અવસાન પામેલ શ્રી પ્રવિણભાઇ વી. પંડયાના કુટુંબ પેન્શન મંજુરી અર્થે ખાસ કિસ્સામાં બિન-પગારી/અસાધારણ રજા મંજુર કરવા અંગે કમિશનરશ્રી તરફથી આવેલ ભલામણ જોવાઈ તેને મંજુરી આપવા બાબત. | (૧) શ્રી નિતિનભાઇ પટેલ.<br>(૨) શ્રી મનુભાઇ પટેલ.<br>(૩) શ્રી કાર્તિક પટેલ.<br>(૪) શ્રી નરેશકુમાર પરમાર.<br>(૫) શ્રીમતી પ્રવિણાબેન દરજી.<br>(૬) શ્રીમતી પાર્વતીબેન પરમાર.<br>(૭) શ્રીમતી નીલાબેન શુકલ.<br>(૮) શ્રીમતી હર્ષાબા ધાધલ.<br>(૯) શ્રીમતી બરખાબેન જહા.<br>(૧૦) શ્રીમતી પ્રિતીબેન દવે. | ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે સફાઇ કામદાર તરીકે ફરજ બજાવતા અને ચાલુ ફરજ પર અવસાન પામેલ શ્રી પ્રવિણભાઇ વી. પંડયાના કુટુંબ પેન્શન મંજુરી અર્થે ખાસ કિસ્સામાં બિન-પગારી/અસાધારણ રજા મંજુર કરવા અંગે કમિશનરશ્રી તરફથી આવેલ ભલામણને સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.<br>પ્રસ્તુત કામ સામાન્ય સભા તરફ સાદર કરવામાં આવે છે. | ૧૧ | - | ૬૯૦<br>૦૮/૦૩/૨૦૨૧ | સ.મતે મંજુર | | |

ખરી નકલ
B.J. Trivedi
ઈ.ચા.મ્યુનિસિપલ સેક્રેટરી
ગાંધીનગર મહાનગરપાલિકા

2317

निर्मळ गुजरात


ક્રમાંક: જીએમસી/૧૦૨૦૧૧/૩૩૭૮/પી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
ફોન નં.( ૦૭૯ ) ૨૩૨૫૧૦૦૬
ફેક્સ નં. ( ૦૭૯ ) ૨૩૨૫૨૩૦૯
ઇ-મેઇલ : so-p-ud@gujarat.gov.in


તારીખ : 7 JUL 2011

પ્રતિ,
મ્યુનિસિપલ કમિશનરશ્રી,
ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન,
ગાંધીનગર.

**વિષયઃ અસાધારણ રજા મંજૂર કરવા બાબત.**
**શ્રી પ્રવિણભાઇ વી. પંડયા, સફાઇ કામદાર.**

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વેનાં નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનનાં તારીખ ૩૧/૫/૨૦૧૧નાં પત્ર ક્રમાંકઃ ગાં.મ.ન.પા./મકમ/૩૦૪૬/૨૦૧૧ અન્વયે આજ્ઞાનુસાર જણાવવાનું કે શ્રી પ્રવિણભાઇ વી. પંડયા, સફાઇ કામદારની અસાધારણ રજા મંજુર કરવા અંગેની બાબત ધી જી.પી.એમ.સી. એક્ટ, ૧૯૪૯ની જોગવાઇઓ હેઠળ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનનાં કાર્યક્ષેત્રની હોઇ, આ બાબતે જે તે કાર્યવાહી ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન એ કરવાની રહે છે, જે વિદિત થાય.

11-7

DMC

આપનો વિશ્વાસુ,
(સહી)
**(અશોકસિંહ પરમાર)**
**ઉપ સચિવ**
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

12/7

મહાનગર પાલિકા, ગાંધીનગર
ઇનવર્ડ નંબર : 2935
1 2 JUL 2011
શાખા:

3/5

પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય, બ્લોક નં.૧, જુના સચિવાલય, સેક્ટર-૧૦ બી, ગાંધીનગર-૩૮૨ ૦૧૦.
કચેરી (૦૭૯) ૨૩૨૫૩૨૧૨ ફેક્સ (૦૭૯) ૨૩૨૫૩૯૦૬

પત્ર નંબર : ડીપીપી/પીઆર-૫ 1575
તા. 17-02-2020.

18

તા - 18/02

પેન્શન ૮

પેન્શન બાબત / તાત્કાલિક

પ્રતિ,
નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,
ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન,
બહુમાળીભવન, પ્રથમ માળ,
સેક્ટર-11, ગાંધીનગર- 382011.

વિષય : પેન્શન કેસ અધિકૃત કરવા બાબત.

શ્રી/શ્રીમતી: પી.બી.પંડ્યા.

અવસાન/નિવૃત્તિ તારીખ: 30-04-2010 અવસાન 05-05-2019

સંદર્ભ : આપની કચેરીના પત્ર ક્રમાંક : 10-01-2020.

જય ભારત સહ જણાવવાનું કે, સંદર્ભમાં જણાવેલ આપના પત્રથી મળેલ પેન્શન કેસમાં નીચે જણાવેલ વાંધાઓની પુર્તતા કરી પેન્શન કેસ સત્વરે અત્રેની કચેરીમાં મોકલી આપવા વિનંતી છે.

(1) સ્વ.શ્રી પંડ્યાના પેન્શન કેસ અંગે સેવાપોથીમાં ROP-6 છઠ્ઠા પગારપંચનું સ્ટીકર જણાતુ નથી જે મેળવી પેન્શન કેસ રજુ કરશો.

(2) પેન્શન પેપરના ભાગ-2 ની સંપુર્ણ વિગતો ભરી પેન્શન કેસ રજુ કરવા.

ગાંધીનગર મહાનગરપાલિકા, ગાંધીનગર
આવક નંબર : 7293
25 FEB 2020
શાખા : [illegible]

બિડાણ : પેન્શન પેપર તથા અવસાન સેવાપોથી.

નાયબ નિયામક
(પેન્શન)

[signature] 18/2/2020
હિસાબી અધિકારી
(પેન્શન)

નકલ રવાના જાણ સારૂ :
1 પ્રવિણભાઈ બળદેવભાઈ પંડ્યા
બ્લોક નં- 69/3, "જ-2", સેક્ટર-7,
ગાંધીનગર

[illegible]
[illegible] જુના સચિવાલય, સેક્ટર-[illegible], ગાંધીનગર [illegible]
[illegible] ફેક્સ [illegible]

264/5

[illegible]

પત્ર નંબર : [illegible] /1575/262
તા. 06/06/2020

પ્રતિ,
માનનીય મ્યુનિસિપલ કમિશનર શ્રી,
ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન
બહુમાળી ભવન, પ્રથમ માળ,
સેક્ટર-11, ગાંધીનગર

9CC-2
15 JUN 2020
શાખા : [illegible]

વિષય : પેન્શન કેસ અધિકૃત કરવા બાબત.
~~શ્રી/શ્રીમતી/~~સ્વ. પ્રવિણભાઈ વશરામભાઈ પંડ્યા.
અવસાન/~~નિવૃત્તિ~~ તારીખ: 07/07/2019 નિ.તા. 30/04/2010

સંદર્ભ : આપની કચેરીના પત્ર ક્રમાંક :

જય ભારત સહ જણાવવાનું કે, સંદર્ભમાં જણાવેલ આપના પત્રથી મળેલ પેન્શન કેસમાં નીચે જણાવેલ વાંધાઓની પુર્તતા કરી પેન્શન કેસ સત્વરે અત્રેની કચેરીમાં મોકલી આપવા વિનંતી છે.

1) સ્વ. પંડ્યાના પેન્શન કેસ અને સેવાપોથીની ચકાસણી કરતા, અત્રેથી તા: 18/02/2020 ના રોજ આપેલ વાંધા નં.(2) ની પુર્તતા થયેલ નથી. સ્વ. પંડ્યાની સેવાપોથીમાં ROP-2006 નું સ્ટીકર સામેલ નથી જે ROP-2006 નું સ્ટીકર, PVU, હિસાબ અને તિજોરી નિયામક ની કચેરી, ગાંધીનગર ખાતેથી મેળવી સેવાપોથીમાં ચોંટાડવુ. ત્યારબાદ અત્રે પેન્શન કેસ પુનઃ રજુ કરવો.

2) સ્વ. પંડ્યા ના પેન્શન કેસ ના ભાગ-3 માં તિજોરી/પેટાતિજોરી ની વિગતો દર્શાવેલ નથી.

બિડાણ: પેન્શન કેસ તથા સેવાપોથી

નાયબ નિયામક (પેન્શન)

[signature] 9/6/2020
હિસાબી અધિકારી (પેન્શન)

નકલ રવાના જાણ સારૂ :
સ્વ. પ્રવિણભાઈ વશરામભાઈ પંડ્યા
પ્લોટ નં- 89/3 સેક્ટર-7,
ગાંધીનગર જી. ગાંધીનગર

# ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

બહુમાળી ભવન,પ્રથમમાળ,સેકટર-૧૧,ગાંધીનગર,૩૮૨૦૧૧
ફોન નંબર-૦૭૯ ૨૩૨ ૨૦૪૪૦,ફેક્સ નંબર-૦૭૯ ૨૩૨ ૨૧૪૧૯
Email : gmc8gandhinagar@gmail.com

ક્રમાંકઃગાં.મ.ન.પા./વર્ગ-૪-મ/ ભા.પ્ર.પં.ર.રા.નિ./ ૪૭૩૨/૨૦૨૧, તા. ૪-૬-૨૦૨૧

પ્રતિ,
મ્યુનિસિપલ સેક્રેટરીશ્રી,
ગાંધીનગર મહાનગરપાલિકા.

વિષયઃ-સ્વ.પ્રવિણભાઈ વશરામભાઈ પંડયા,સફાઈ કામદારના વારસદાર પુત્ર શ્રી ભાવેશ પ્રવિણભાઈ પંડયાને સફાઈ કામદાર તરીકે રહેમરાહે નિમણુંક આપવા બાબત.

ઉપરોક્ત વિષયે અન્વયે જણાવવાનું કે, શ્રી પ્રવિણભાઈ વશરામભાઈ પંડયાનાઓ ગાંધીનગર મહાનગરપાલિકા કચેરીમાં સફાઈ કામદાર તરી ફરજો બજાવતા હતા. તેઓનું તા.૯-૯-૨૦૧૯ના રોજ ગાંધીનગર જીલ્લાના કલોલ,જાસપુર, ખાતે અકસ્માતે કેનાલમાં પડી જવાથી અવસાન થયેલ છે. શ્રી પ્રવિણભાઈ વશરામભાઈ પંડયાના મરણના પ્રમાણપત્રની નકલ તેમજ પેઢીનામુ અને શ્રી પંડયાના વારસદારોમાં તેઓની પત્નિ તેમજ ત્રણ પુત્રીઓ અને એક પુત્ર છે પુત્રીઓએ તેઓની માતા ગૌરીબેન પ્રવિણભાઈ પંડયા તેમજ તેઓના ભાઈ શ્રી ભાવેશ પ્રવિણભાઈ પંડયાને કચેરીમાંથી લેવાની થતી નીકળતી રકમ ( મળવાપાત્ર થતાં સરકારી લાભો) તેઓને મળે તેમાં તેઓને કોઈ પણ જાતનો વાંધો કે વિરોધ નથી તે બાબતે સ્ટેમ્પ પેપેર ઉપર નોટરાઈઝ સંમતિ આપેલ છે.

ગૌરીબેન પ્રવિણભાઈ પંડયાએ તેઓના પુત્ર શ્રી ભાવેશ પ્રવિણભ

મહાનગરપાલિકામાં પટાવાળા,સ્વીપર,ચોકીદાર,સફાઈ કામદાર તરીકે રહેમરાહે નોકરી આપવામાં આવે તો તેઓને કોઈ વાંધો નથી તે અંગેનું સંમતિ પત્ર આપેલ છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૨૩-૧૦-૨૦૧૭ના ઠરાવ ક્રમાંકઃ મનપ/૧૦૨૦૧૭/૬૪૩૨/પી થી રાજયની મહાનગરપાલિકાઓમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા સફાઈ કામદારનું ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર સફાઈ કામદારના વારસદારોને સફાઈ કામદાર તરીકે રહેમરાહે નિમણુંક આપવા ઠરાવ કરવામાં આવેલ છે ઠરાવના પરિશિષ્ટ-૨માં વિગતો ભરી આ સાથે સામેલ રાખેલ છે.

૧. ઠરાવના પરિશિષ્ટ-૧ના મુદ્દા નંબર-૩ના (૧) ધ્યાને લેતાં માન્ય રાખવામાં આવેલ અરજીઓને સામાન્યસભામાં રજુ કરવાની અને મહાનગરપાલિકાની સામાન્યસભાની મંજુરી મેળવવાની રહેશે. તેમ ઠરાવેલ છે જેથી શ્રી ભાવેશ પ્રવિણભાઈ પંડયાને ગાંધીનગર મહાનગર પાલિકામાં સફાઈ કામદાર તરીકે રહેમરાહે નોકરી આપવાની દરખાસ્ત સામાન્ય સભામાં કરવાની થાય છે.

..પાછળ..

૨. મુદ્દા નંબર–૪ના (બી)માં રહેમરાહે નિમણૂંક માટેનો ઉમેદવાર નિમણૂંકવાળી જગ્યાના મહાનગરપાલિકાના ભરતી નિયમોની જોગવાઈઓ હેઠળ તમામ રીતે પાત્ર અને યોગ્ય હોવો જોઈએ તે પાત્રતા શ્રી ભાવેશ પ્રવિણભાઈ પંડયા ધરાવે છે.

૩. મુદ્દા નંબર–૫માં વય મર્યાદા ઉપલી કે લઘુતમ વયમર્યાદા હોવાનું રહેમરાહે નિમણૂંકની અરજીની તારીખે મહાનગરપાલિકાના ભરતીના નિયમોની જોગવાઈઓના સંદર્ભમાં નકકી કરવાનું રહેશે તેમ ઠરાવેલ છે.

શ્રી ભાવેશ પ્રવિણભાઈ પંડયાએ રહેમરાહે નોકરી મેળવવાની તારીખે તેઓની ઉંમર–૩૪ વર્ષ થાય છે જયારે સીધી ભરતી નિયમોમાં ૧૮ વર્ષથી ઓછી અને ૩૩ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈએ નહી.

પરંતુ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા નિયમ (૨)ની જોગવાઈઓ અનુસાર અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અથવા આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવાર અથવા સ્ત્રીઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે. અને આ જોગવાઈ અનુસાર ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા નિયમ (૨) (ક) અનુસાર " તાબાની સેવા અથવા કોઈ સેવા અથવા જગા સંબંધી ઠરાવેલી વય–મર્યાદા ૪૦ વર્ષ કરતાં વધતી ન હોય તો, વયમર્યાદામાં ૦૫ વર્ષ સુધી હળવી કરી શકાશે."

શ્રી ભાવેશ પ્રવિણભાઈ પંડયાએ રહેમરાહે નોકરી મેળવવાની દરખાસ્તની તારીખે તેઓની ઉંમર–૩૪ વર્ષ ૦૧ માસ ૦૫ દિવસ થાય છે જે ૪૦ વર્ષ કરતા વધતી ન હોઈ તેઓની વયમર્યાદામાં ૦૫ વર્ષ સુધી હળવી કરી શકાય.

ઉપરની બાબત ધ્યાને લેતા શ્રી ભાવેશ પ્રવિણભાઈ પંડયા અનુસુચિત જાતિ, વર્ગના હોઈ તેઓને ઉપલી વયમર્યાદા હળવી કરી શકાય છે તે ધ્યાને લઈ શ્રી પંડયાને ઉપલી વય મર્યાદામાં એક વર્ષની છુટ આપી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૨૩–૧૦–૨૦૧૭ના ઠરાવની જોગવાઈઓ મુજબ ગાંધીનગર મહાનગરપાલિકા કચેરીમાં સફાઈ કામદારના હોદ્દા ઉપર રહેમરાહે નોકરી આપવા પ્રસ્તુત કામ સ્થાયી સમિતી મારફતે સામાન્ય સભામાં મંજુરી અર્થે રજુ કરશો.

7/6/2021

ડૉ.રતનકંવર એચ ગઢવીચારણ (IAS)
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા.

05/06/2021

# ગાંધીનગર મહાનગરપાલિકા

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની મીટીંગ તા.૦૨/૧૨/૨૦૨૧ના રોજ સવારે ૧૧:30 કલાકે શ્રી જશવંતલાલ પટેલના અધ્યક્ષપણા હેઠળ મળી તેના ઠરાવની નકલ

| વિષય | દરખાસ્ત તથા સુધારો | | મત આપવામાં આવ્યો તે | | ઠરાવ | | તે જ વિષય ઉપર થયેલા ઠરાવના અંક તથા તારીખ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | નામ<br>૧. દરખાસ્ત કરનારનું<br>૨. અનુમોદન આપનાર | દરખાસ્ત કે સુધારો આવ્યો તે | તરફેણ માં | વિરૂધ્ધ માં | અનુક્રમ અંક તથા તારીખ | મતલબ | છેવટનો પાછલો ઠરાવ | આગળનો હવે પછી ઠરાવ થાય તે |
| **વિષય નંબર–૪**<br><br>ગાંધીનગર મહાનગરપાલિકામાં સફાઇ કામદાર તરીકે ફરજ બજાવતા અને ચાલુ ફરજ પર અવસાન પામેલ શ્રી પ્રવિણભાઇ વી. પંડયાના વારસદાર પુત્ર શ્રી ભાવેશ પ્રવિણભાઇ પંડ્યાને સફાઇ કામદાર તરીકે રહેમરાહે નિમણૂંક આપવા અંગે કમિશનરશ્રી તરફથી આવેલ ભલામણને જોવાઈ તેને મંજુરી આપવા બાબત. | ૧. શ્રી રાજેશકુમાર પટેલ<br>૨. શ્રી અંજનાબેન મહેતા<br>3. શ્રી દિપ્તીબેન પટેલ<br>૪. શ્રી સોનાલીબેન પટેલ<br>૫. શ્રી દક્ષાબેન મકવાણા<br>૬. શ્રી કિંજલકુમાર પટેલ<br>૭. શ્રી પદમસિંહ ચૌહાણ<br>૮. શ્રી સોનલબા વાઘેલા<br>૯. શ્રી શૈલેષકુમાર પટેલ<br>૧૦. શ્રી સંકેત પંચાસરા | ગાંધીનગર મહાનગરપાલિકામાં સફાઇ કામદાર તરીકે ફરજ બજાવતા અને અવસાન પામેલ શ્રી પ્રવિણભાઇ વી. પંડયાના વારસદાર પુત્ર શ્રી ભાવેશ પ્રવિણભાઇ પંડયાને સફાઇ કામદાર તરીકે રહેમરાહે નિમણૂંક આપવા અંગે કમિશનરશ્રી તરફથી આવેલ ભલામણને સ્થાયી સમિતી દ્વારા મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.<br>પ્રસ્તુત બાબત સામાન્ય સભા તરફ આખરી મંજુરી અર્થે સાદર કરવામાં આવે છે. | ૧૧ | - | ૬<br>૦૨/૧૨/૨૦૨૧ | સ.મતે મંજુર | | |

ખરી નકલ

ઈ.ચા.મ્યુનિસિપલ સેક્રેટરી
ગાંધીનગર મહાનગરપાલિકા

૩૫૮ (૧)

રાજ્યની મહાનગરપાલિકાઓમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા સફાઇ કામદારનું ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર સફાઈ કામદારના વારસદારને સફાઇ કામદાર તરીકે રહેમરાહે નિમણુંક આપવા બાબત.

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-મનપ/૧૦૨૦૧૭/૬૪૩૨/પી
સચિવાલય, ગાંધીનગર.
તા૨૩/૧૦/૨૦૧૭

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી નગરપાલિકાઓને તા.૧૦/૧૦/૨૦૧૭ની સિંગલ ફાઇલ પરની નોંધ

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મ શાખાના ઠરાવ ક્રમાંકઃ નપમ ૧૨૨૦૧૭/ સી.ફા.૨૮/આર તા. ૧૮/૧૦/૨૦૧૭

## ઠરાવ-

માન. અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય સફાઇ કામદાર આયોગ નવી દિલ્હી દ્વારા સફાઇ કામદારોના પ્રશ્ન બાબતે માન. મુખ્યમંત્રીશ્રી સાથે તા.૧૩/૦૬/૨૦૧૭ ના રોજ યોજાયેલ બેઠકમાં રાજ્યની મહાનગરપાલિકામાં સફાઇ કામદાર તરીકે ફરજ બજાવતા કર્મચારીનું ફરજ દરમ્યાન મૃત્યુ થાય તો તેવા સંજોગોમાં સફાઇ કામદારના વારસદારને તે જગ્યા પર રહેમરાહે નોકરી રાખવા બાબત પ ચર્ચા વિચારણા થયેલ અને તે સંબંધે યોગ્ય નિર્ણય લેવાવો જોઇએ તેવી લાગણી ઊભી થયેલ હતી. આ બેઠકની કાર્યવાહીની નોંધના મુદ્દા નં. ૪ મુજબ (1) સફાઇ કામદારોનું ચાલુ નોકરીએ મૃત્યુ થાય તો તેના વારસદારને નોકરી આપવાની વ્યવસ્થા ગોઠવવા અંગેના તમામ પાસાની વિચારણા કરીને/અભ્યાસ કરીને આ બાબતે વિચારણા કરવા જણાવેલ.

ઉક્ત બાબતે વંચાણમાં લીધેલ, ક્રમાંક (૧) થી નિયામકશ્રી, નગરપાલિકાઓની સિંગલ ફાઇલ પરની નોંધથી દરખાસ્ત કરવામાં આવેલ તે અન્વયે વંચાણે લીધેલ (૨) પરના ઠરાવથી રાજ્ય

મહાનગર પાલિકા, ગાંધીનગર
ઇનવર્ડ નંબર :-૧૫૦૬૨
27 OCT 2017

૬૨૦ 30/10/17

નગરપાલિકાઓમાં ફરજ બજાવતાં સફાઇ કામદારનું ચાલુ નોકરી દરમ્યાન અવસાન થત અવસાન પામનાર સફાઇ કામદારના વારસદારને રહેમરાહે નિમણુંક આપવાની નીતિ નક્કી કરવામાં આવેલ છે. જે અન્વયે રાજ્યની મહાનગરપાલિકામાં [redacted] ફરજ બજાવતા સફાઇ કામદારનું [redacted] થતાં અવસાન પામનાર સફાઈ કામદારના વારસદારને સફાઇ કામદાર તરીકે રહેમરાહે નિમણુંક આપવાના સંજોગોમાં [redacted] આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટની શરતોને આધિન વારસદાર તરીકે રહેમરાહે નિમણુંક આપવાનું ઠરાવવામાં આવે છે. વધુમાં, જો વારસદાર નોકરીના બદલે રોકડ સહાયની માંગણી કરે તો સહાય આપી શકાશે. પરંતુ પછી તેના વારસદારને આ હકક પ્રમાણે નોકરી મળી શકશે નહી.

મ્યુનિસિપલ કમિશનરશ્રીએ ઠરાવ અને પરિશિષ્ટની તમામ જોગવાઇઓની ચકાસણી કરી લેવાની રહેશે.

આ નિયમો આ ઠરાવ રવાના થયા તારીખથી અમલમાં આવશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારની તા.૧૨/૧૦/૨૦૧૭ના રોજ મળેલ મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

( જી જે. વાઘેલા )
સેક્શન અધિકારી
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.

પ્રતિ,

(૧) નામ. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગર.(પત્ર દ્વારા)
(૨) માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ સચિવાલય, ગાંધીનગર.
(3) માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ સચિવાલય, ગાંધીનગર.
(૪) સર્વે માન. કેબીનેટ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી સ્વર્ણિમ સંકુલ-૧ સચિવાલય, ગાંધીનગર
(૫) સર્વે માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ અંગત સચિવશ્રી સ્વર્ણિમ સંકુલ-૧ સચિવાલય, ગાંધીનગર

૬ સર્વે માન. સંસદિય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી સચિવાલય. ગાંધીનગર

૭) અગ્ર સચિવશ્રી(શહેરી વિકાસ) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૮) અગ્ર સચિવશ્રી (હાઉસીંગ અને સ્વચ્છ ભારત મિશન) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્મા વિભાગ, સચિવાલય,ગાંધીનગર

(૯) એકાઉન્ટન્ટ જનરલશ્રી, એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી અમદાવાદ/રાજકોટ

(૧૦) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ, સુરત,વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર,જુનાગઢ, ગાંધીનગર.

(૧૧) નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત રાજ્ય ગાંધીનગર.

(૧૨) વિભાગ હેઠળના સર્વે અધિકારીઓ

(૧૩) નિયામકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી ડો. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર

(૧૪) માહિતી કમિશ્નરશ્રી ગુજરાત રાજ્ય. ડો. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર

(૧૫) વિભાગની સર્વે શાખાઓ

(૧૬) ના.સે.અ./શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૧૭

૪૩૧૮

પરિશિષ્ટ-૧

## રાજ્યની મહાનગરપાલિકાઓમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા સફાઇ કામદારનું ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર સફાઈ કામદારના વારસદારને વારસદાર તરીકે રહેમરાહે નિમણૂંક આપવાની યોજના.

૧. હેતુઃ-

કોઇપણ જીવન નિર્વાહમાં સાધન સિવાય નિરાધાર સ્થિતિમાં મુકી ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર રાજ્યની મહાનગરપાલિકાઓમાં ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર સફાઈ કામદારના આશ્રિત કુટુંબના એક સભ્યને સફાઇ કામદારની જગ્યાએ રહેમરાહે નિમણૂંક આપી, નાણાકીય ભીંસમાં રાહત આપવા અને આવી પડેલી આકસ્મિક કટોકટીને પહોંચી વળવામાં કુટુંબને મદદ કરવાની આ યોજનાનો હેતુ છે.

૨. (એ) કોને લાગુ પડે છે.

(૧) આ યોજના હેઠળ રહેમરાહે નિમણૂંક મેળવવા કોઇ આવક મર્યાદા લાગુ પડશે નહીં

(૨) નિયમિત ધોરણે નિમાયેલા અને ઓછામાં ઓછી પાંચ વર્ષની સેવા બજાવનાર ચાલુ નોકરી દરમિયાન અવસાન પામનાર વર્ગ-૪ના સફાઈ કામદારના આશ્રિત કુટુંબના સભ્યને આ યોજના લાગુ પડશે. રોજમદારો, કેજ્યુએલ વર્કરો, એપ્રેન્ટીસી અને એડહોક, કોન્ટેકટ કે પુનઃ નિયુક્તિના ધોરણે નિમાયેલાઓને આ યોજના લાગુ પડશે નહીં.

(બી) આશ્રિત કુટુંબના સભ્ય કોણ ગણાશે.

અવસાન પામેલા કર્મચારીના -

(૧) કાયદેસરના પત્નિ કે પતિ,

(૨) પુત્ર કે અપરિણિત પુત્રી (નિસંતાન સફાઈ કામદારના કેસમાં તેની હયાતી દરમ્યાન "હિન્દુ એડપ્શન એક્ટ, ૧૯૫૬" હેઠળ દત્તક વિધાન કરી કાયદેસર દત્તક લીધેલ સંતાન સાથે)

(સી) આશ્રિત કુટુંબના સભ્ય કોને ગણવાના નથી -

અવસાન પામેલા સફાઈ કામદારોના -

(૧) માતા,

(૨) પિતા,

(3) ભાઈ,

(૪) બહેન,

(૫) અન્ય સગાઓ.

(ડી) જરૂર પડે આશ્રિત કુટુંબના સભ્ય હોવાની ખાતરી કરવા અવસાન પામેલા સફાઈ કામદારના જે તે સમયે પોતાની મૃત્યુ-સહ-નિવૃત્તિ, ગ્રેજ્યુઈટી, પેન્શન, જનરલ પ્રોવિડન્ટ ફંડ / વર્ધિત પ્રોવિડન્ટ ફંડ માટે કરેલ નોમીનેશન એક આધારભૂત દસ્તાવેજ ગણાશે.

૩. રહેમરાહે નિમણૂંક પામનાર સક્ષમ સત્તા અને કાર્ય પધ્ધતિ : રહેમરાહે નિમણૂંક પામનાર સક્ષમ સત્તા અને કાર્ય પધ્ધતિ : સામાન્ય સભામાં રજૂ કરવાની અને

(૧) માન્ય રાખવામાં આવેલ અરજીઓને સામાન્ય સભામાં રજૂ કરવાની અને

મહાનગરપાલિકાની સામાન્ય સભાની મંજુરી મેળવવાની રહેશે.

(૨) સામાન્ય સભાની મંજુરી મળ્યા બાદ સબંધીત અધિકારીએ વિગતવાર નિમણુંકના હુકમ

કરવાના રહેશે.

૪. પાત્રતા - આશ્રિત કુટુંબના એક કરતાં વધુ સભ્યોના કેસમા રહેમરાહે નિમણૂંક માટેની પાત્રતા

(એ) આશ્રિત કુટુંબના એક કરતાં વધુ સભ્યોના કેસમા રહેમરાહે નિમણૂંક માટેની પાત્રતા
સામાન્ય રીતે નીચે જણાવેલ અગ્રતાક્રમે નક્કી કરી શકાશે.

(૧) લાગતા વળગતાં કેસ પ્રમાણે વિધવા કે વિધુર

(૨) "આશ્રિત કુટુંબ જેના પર સંપુર્ણ નિર્ભર હોય તે પુત્ર કે અપરિણિત પુત્રી (ઉપર-૨(બી) (૨)
માં જણાવ્યા પ્રમાણેના દત્તક પુત્ર કે અપરિણિત પુત્રી સાથે).

(બી) રહેમરાહે નિમણૂંક માટેનો ઉમેદવાર નિમણૂંકવાળી જગ્યાના મહાનગરપાલિકાના
ભરતીના નિયમોની જોગવાઈઓ હેઠળ તમામ રીતે પાત્ર અને યોગ્ય હોવો જોઈએ.

૫. વય મર્યાદા-

ઉપલી કે લઘુત્તમ વય મર્યાદા ધરાવતા હોવાનું રહેમરાહે નિમણૂંકની અરજીની તારીખે
મહાનગરપાલિકાના ભરતીના નિયમોની જોગવાઈઓના સંદર્ભમાં નક્કી કરવાનું રહેશે.

૬. ખાલી જગ્યાઓની ઉપલબ્ધી / ખાલી જગ્યાઓ નિર્ણિત કરવી.

(એ) રહેમરાહે નિમણૂંકો નિયમિત ધોરણે ઉપલબ્ધ નિયમિત ખાલી જગ્યાઓ પર જ કરવાની
રહેશે. આવી નિમણૂંકો રોજમદાર, કેજ્યુએલ વર્કર, એપ્રેન્ટીસ, એડહોક કે કોન્ટેકટ ધોરણે
કરી શકાશે નહીં.

(બી) સરકારી ખર્ચમાં કરકસરના કે એવા સરકારના નાણાં વિભાગના અવાર-નવારના અન્ય
હુકમો/સૂચનાઓને આધિન જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે જરૂર હોય ત્યાં નિયત કાપ
મૂક્યા બાદ ભરવાપાત્ર ઉપલબ્ધ ખાલી જગ્યાઓ પર જ આવી નિમણૂંકો કરી શકાશે.

૭. અરજી કરવાની સમય-મર્યાદા :

(એ) આ યોજના હેઠળ રહેમરાહે નિમણુંક મેળવવાની સંપૂર્ણ પૂર્તતા સાથેની અરજી સંબંધિત
સફાઈ કામદારના અવસાન પછી તુરત જ કરવાની રહેશે. સંબંધિત સફાઈ કામદારના
અવસાનની તારીખથી છ માસ બાદ કરવામાં આવેલી અરજી કોઈપણ સંજોગોમાં
વિચારણામાં લેવામાં આવશે નહી.

(બી) આર્થિક ભીસમાંથી રાહત આપવા અને આવી પડેલ આકસ્મિક કટોકટીભરી
પરિસ્થિતિમાંથી આશ્રિત કુટુંબને બહાર લાવવાની તાત્કાલિક મદદ કરવાનું આ
યોજનાનું મુળ પ્રયોજન હોવાથી કર્મચારીના અવસાન સમયે આશ્રિત કુટુંબના કોઈ

સગીર સભ્યના પુખ્ત બનવા સુધી રાહ જોયા પછી કોઈ કેસમાં કોઈપણ સંજોગોમાં રહેમરાહે નિમણુંક આપવામાં આવશે નહી એટલે અવસાન પામેલા સફાઈ કામદારની વિધવા કે વિધુર કે આશ્રિત કુટુંબના પાત્ર અન્ય કોઈ પુખ્ત સભ્યે સફાઈ કામદારના અવસાન સમયની સફાઈ કામદારની જગ્યા પર રહેમરાહે નિમણુંક માટેની અરજી ઉપરની સમય-મર્યાદામાં કરી સફાઈ કામદારની જગ્યા પરની નિમણુંક સ્વિકારી લેવાની રહેશે. નિયત સમય-મર્યાદામાં અરજી કરવામાં નિષ્ફળ જનાર કે આપવામાં આવેલી નિમણુંકનો અસ્વીકાર કરનાર વિધવા, વિધુર કે આશ્રિત કુટુંબના અન્ય કોઈ સભ્યની રહેમરાહે નિમણુંક મેળવવાની પાત્રતા આપોઆપ કાયમ માટે રદ થયેલી ગણાશે અને પાછળથી તે અંગેનો કોઈ દાવો કરી શકાશે નહી.

૮. જયાં આશ્રિત કુટુંબનો સભ્ય કમાનાર હોય :

આશ્રિત કુટુંબમાં જયાં કોઈ સભ્ય કમાનાર હોય ત્યાં માત્ર અવસાન પામેલા સફાઈ કામદારની વિધવા કે વિધુરને જ સફાઈ કામદારની જગ્યા પર રહેમરાહે નિમણુંક આપી શકાશે. આશ્રિત કુટુંબના અન્ય કોઈ સભ્યને કોઈપણ સંજોગોમાં રહેમરાહે નિમણુંક આપી શકાશે નહી..

૯. બાંયધરી:-

રહેમરાહે નિમણૂકની આ યોજના હેઠળ નિમાયેલી વ્યક્તિએ કુટુંબના અન્ય સભ્યો કે જે અવસાન પામેલા કર્મચારી પર નિર્ભર હતા તેમને તે સારી રીતે નિભાવશે અને કુટુંબના સભ્યોની દરકાર રાખવામાં આવતી નથી કે તેમને સારી રીતે નિભાવવામાં આવતા નથી એવું પાછળથી જો પુરવાર થશે તો તેની નિમણુંક તુરત જ સમાપ્ત કરવામાં આવશે, એવી બાંયધરી આ સાથે જોડેલ પરિશિષ્ટ-૨ હેઠળ નિયત કરવામાં આવેલ એકરાર/બાંયધરી લેખિતમાં આપવાની રહેશે.

૧૦. જગ્યામાં / વ્યક્તિમાં ફેરફારની વિનંતી:-

જ્યારે એક વ્યક્તિ કોઇ એક જગ્યા પર રહેમરાહે નિમાઇ જાય ત્યારે તેની આવી નિમણુંક તરફ દોરી જનારા સંજોગોની હયાતી સમાપ્ત થયેલી ગણાવી જોઇએ અને એટલા માટે

(૧) રહેમિયતની વિચારણા પર ઉપલી જગ્યાએ/અન્ય જગ્યાએ નિમણુક માટેની કોઇ વિનંતીનો અચુકપણે અસ્વીકાર કરવાનો રહેશે.

(૨) રહેમરાહે કરવામાં આવેલી નિમણુંકની તબદીલી કોઇ બીજી વ્યક્તિને કરી શકાશે નહીં અને રહેમિયતની વિચારણા પર આવી કોઇ વિનંતીનો અચુકપણે અસ્વીકાર કરવાનો રહેશે.

૧૧. પ્રવરતા:-

રહેમરાહે નિમણૂક પામેલી વ્યક્તિઓની માહોમાહોની પ્રવરતા નિમણુંક તારીખના સંદર્ભમાં નક્કી કરાશે. સીધી ભરતી અને બઢતીથી નિમાયેલાઓ વચ્ચેની પ્રવરતા નક્કી કરવાના યથાસમયના સિધ્ધાંતોને આધિન સીધી ભરતીથી/બઢતીથી નિમાયેલાઓની માંહોમાંહોની પ્રવરતામાં ફેરફાર કર્યા સિવાય સીધી ભરતીથી/ બઢતીથી/નિમાયેલાઓની સાથે

રહેમરાહે નિમણુંક પામેલી વ્યક્તિઓને તેમની નિમણુંકની તારીખના સંદર્ભમાં પ્રવરતામાં દાખલ કરવામાં આવશે.

૧૨. સામાન્ય:-

(એ) સરકારશ્રીની પ્રવર્તમાન નિતી અનુસાર પ્રથમ પાંચ વર્ષ માટે ફીક્સ પગારથી ત્યારબાદ પાંચ વર્ષ પુર્ણ થયેથી નિયત પગાર ધોરણમાં નિમણુંક આપવામાં આવશે.

(બી) રહેમરાહે આપવામાં આવેલી નિમણુંક સ્વીકાર્યા બાદ એકવાર નિમણુકવાળી જગ્યા પર હાજર થયા પછી રહેમરાહે નિમણુક પામેલી વ્યક્તિ, એ એક કર્મચારી બને છે અને તેને પણ અન્ય કર્મચારીઓની જેમ જ મહાનગરપાલિકાના ભરતીના નિયમોની જોગવાઈઓ અને તમામ સામાન્ય શરતો સમાન રીતે જ આપોઆપ લાગુ પડશે.